જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો
સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ
પ્રેસ પ્રતિનિધિઓ
નિમવાના છે.
સુરત :- ૧૬૧, શિવઓમનગર,
મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA
NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૧૭-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે રાજ્યભરના વાતાવરણમાં પલટો,ધૂળની ડમરી ઊડી,ખેડૂતો ચિંતાતુર

રાજ્યમાં તોફાની વાવાઝોડા સાથે વરસાદ: ૧૧ના મોત

૧૧ જિલ્લાના ૩૮ તાલુકામાં કમોસમી વરસાદ, કરા પડતાં ખેતીને ભારે ફટકો,લોકોને મળી ગરમીમાં રાહત

ગાંધીનગર

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે રાજ્યભરના વાતાવરણમાં સોમવારથી પલટો નોંધાયો છે. ત્યારે મંગળવારે પણ આ સ્થિતિ યથાવત્ રહી હતી. એક તરફ, લોકોને ગરમીમાંથી રાહત મળી છે, તો બીજી તરફ ખેડૂતો માટે આ વાતાવરણ મોટુ નુકશાન લઈને આવ્યું છે. રાજ્યમાં અનેક વિસ્તારોમાં પડેલા કમોસમી વરસાદને પગલે ખેતરનો પાક તથા કેરીઓને નુકશાન થવાની ભીતિ છે. તો હવામાનના પલટાને કારણે તાપમાનમાં સીધો જ ૪થી ૬ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. જેને કારણે લોકો ઠંડક અનુભવી રહ્યાં છે. તો રાજ્યમાં સવારથી જ અચાનક વાતાવરણમાં પલટાને કારણે સાત લોકોનાં મોત થયા છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર, કચ્છ સહિત રાજ્યના વાતાવરણમાં સવારથી જ પલટો જોવા મળ્યો છે. વહેલી સવારથી ગુજરાતના



મોટાભાગના શહેરોમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે. સાથે જ ઠંડો પવન વહેતા તાપમાનમાં ૪થી ૬ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. મંગળવારે બપોરે જામનગરના હડિયાણા, ધ્રોલ, જોડિયા, મોરબી, પડધરી સહિતના વિસ્તારોમાં ગાજવીજ,



ગાજવીજ અને કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદથી ઉનાળુ પાક તલ, બાજરીને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ભર ઉનાળામાં રાજ્યના ૧૧ જિલ્લાના ૩૮ તાલુકામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો છે, તો સાથે જ અનેક વિસ્તારોમાં કરા અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે. રાજ્યમાં સવારથી જ અચાનક વાતાવરણમાં પલટાને કારણે સાત લોકોનાં મોત થયા છે. સૌથી વધુ મોરબી જિલ્લામાં બે યુવકના મોત થયા છે, જ્યારે મહેસાણા, વીરમગામ, પડધરીમાં એક એક મોતની ઘટના સામે આવી છે. ભારે પવન સાથે વીજળીના કડાકા-ભડાકા શરૂ થયા હતા જેમાં મોરબીમાં તીથવા ગામમાં વીજળી પડતાં એક યુવકનું મોત નિપજ્યું છે. તો વિરમગામ અને પડધરીમાં એક મહિલાનું વીજળી પડતાં મોત નિપજ્યું છે. આમ વરસાદી વાતાવરણને કારણે સાત લોકોનાં મોત થયા છે. પ્રાપ્ત વિગત પ્રમાણે મોરબીના તીથવા ગામે એક યુવક પર વીજળી પડતાં ગામમાં શોકની લાગણી ફેલાઈ છે. અહીં છતવાળા મકાન પર પશુઓ માટે રાખેલો ચારો પલળી ન જાય તે માટે પ્લાસ્ટિક કાગળ ઢાંકી રહ્યો હતો તે દમરિયાન ભાલારા નસરુદ્દીન હસનવલી નામના ૩૫ વર્ષિય યુવક પર વીજળી પડી હતી. ઘટના બાદ યુવકને હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. તો વાંકાનેરના એક ગામમાં યુવક પર વીજળી પડી હતી જેમાં તેનું મોત નિપજ્યું છે. આ સિવાય પડધરીના ખાખડાબેલામાં ભારે પવનને કારણે વૃક્ષ ધરાસાયી થતાં એક મહિલાનું મોત નિપજ્યું છે. તો મહેસાણાણાં ધૂંધળા વાતાવરણને કારણે અકસ્માત સર્જાયો હતો જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ સિવાય અમદાવાદ નજીક વિરમગામમાં એક મહિલા પર વીજળી પડી હતી જેમાં તેનું મોત નિપજ્યું હતું. તો ધ્રાંગધ્રામાં વીજળી પડવાની ઘટનામાં એક યુવકનું મોત નિપજ્યું છે.

૨૬ એપ્રિલે વારાણસીમાં ૫ લાખની જનમેદની સાથે મોદી ભરશે ઉમેદવારી પત્રક

ન્યુ દિલ્હી

વારણસી લોકસભા સીટ પરથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં ઉમેદવારી પત્ર ભરવા અને રોડ શોને ભાજપ ઐતિહાસિક બનાવવાની તૈયારીમાં લાગી ગયું છે. મોદી ૨૬ એપ્રિલે અહીંથી ફોર્મ ભરશે. ઘણાં રાજ્યના મુખ્યપ્રધાનની ફોજ અહીં મોરચો સંભાળવા આવી રહી છે. ભાજપ શાસિત તમામ રાજ્યના મુખ્યપ્રધાન ઉપરાંત બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમાર આવવાના પણ સમાચાર છે. કેટલાક કેન્દ્રીય પ્રધાનો રાજનાથસિંહ, સુષમા સ્વરાજ, પીયૂષ ગોહેલ પણ અહીં આવવાનો પ્રોગ્રામ બનાવી ચૂક્યા છે. મોદીનાં જનતા દર્શનને સફળ બનાવવા માટે પાર્ટી આખા શહેરમાં તૈયારીઓ કરી રહી છે. ૨૦૧૪ની ચૂંટણીની સરખામણીમાં આ વર્ષે વડા પ્રધાન મોદીનો રોડ શો ખાસ રહેશે.

મિની ઈન્ડિયા સાથે બનારસ ઓળખ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા દરેક રંગ જોવા મળશે. પાંચ લાખની ભીડ ભેગી કરવાનું લક્ષ રખાયું છે. કલમ રથ પર ૧૦ કિ.મી.નું અંતર કાપીને ઉમેદવારી પત્ર ભરવા પહોંચશે. ગઈ વખતે સાંસદ ચૂંટાયાના આગામી દિવસે મોદી ગંગાતટ પર પહોંચ્યા હતા, પરંતુ આ વખતે ઉમેદવારી પત્ર ભર્યા પહેલ ૨૫ એપ્રિલે ગંગાની પૂજા કરશે અને આરતીમાં સામેલ થશે. ચૂંટણી રથ શહેરના જૂના વિસ્તારોથી થઈને ગંગા તટ પર ખતમ થશે. આખું શહેર લગભગ ભગવા રંગમાં જોવા મળશે. તમામ રાજ્યોમાંથી મોદી સમર્થક પોતાની પારંપરિક વેશભૂષામાં શંખ અને ડમરું વગાડતા આ જુલુસનો ભાગ બનશે.

લગ્નનો વાયદો કરીને બાંધેલા શારીરિક સંબંધને દુષ્કર્મ જ કહેવાય: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે એક મહત્વનો ચુકાદો આપ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે લગ્નનો વાયદો કર્યા બાદ કોઈ મહિલા સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવે તેને બળાત્કાર જ કહેવાય કારણ કે, આ પ્રકારનો સંબંધ મહિલાના સન્માન પર ઉંડો આઘાત પહોંચાડનારો હોય છે. જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ અને એમઆર શાહે ચુકાદો આપતા સ્વિકાર્યું કે, બળાત્કાર એ કોઈ પણ મહિલાના આત્મ સન્માન પર ઉંડો આઘાત પહોંચાડે છે અને ખાસ કરીને જ્યારે આવી કરતૂત કરનારી વ્યક્તિ મહિલાના પોતાના જ ઘરની હોય ત્યારે તે વધુ આઘાતજનક હોય છે.

કોર્ટે સ્વિકાર્યું કે આવી ઘટનાઓ આજના આધુનિક સમાજમાં ખૂબ જ ઝડપથી વધી રહી છે. 'આવી ઘટનાઓ મહિલાના આત્મ સન્માન અને તેમની ગરિમા પર ગંભીર છાપ છોડી દે છે.' ૨૦૧૩માં છત્તીસગઢના એક ડોક્ટર દ્વારા લગ્ન કરવાનો વાયદો કરીને મહિલા પર કરવામાં આવેલા બળાત્કાર સાથે કોર્ટનો આ નિર્ણય સંકળાયેલો હતો. મહિલા કોની (બિલાસપુર)ની રહેવાસી છે અને ૨૦૦૯થી ડોક્ટરને ઓળખતી હતી અને તે સમયે તેમની વચ્ચે પ્રેમ સંબંધ હતો. આરોપીએ મહિલાને લગ્નના વાયદાઓ કરીને ફસાવી હતી અને ડોક્ટર દ્વારા કરવામાં આવેલા વાયદાઓની બંને પરિવારોને સારી રીતે જાણ હતી. પરંતુ થોડા સમય બાદ આરોપી ડોક્ટરે કોઈ અન્ય મહિલા સાથે સગાઈ કરી લીધી હતી તેમ છતા તેણે પીડિતા સાથે સંબંધ યથાવત્ રાખ્યો.

બીજા તબક્કાના મતદાન પૂર્વે ઉ.પ્ર.માંથી જંગી માત્રામાં હથિયારો જપ્ત

બુલંદશહેર

લોકસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાનના બે દિવસ બાકી છે ત્યારે ઉત્તર પ્રદેશ પોલીસે જંગી માત્રામાં હથિયારો ઝબ્બે કરીને મોટી સફળતા હાંસલ કરી છે. રાજ્યના બુલંદશહેરમાં એક સર્ચ ઓપરેશન દરમિયાન પોલીસે હથિયારો અને દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. એસએસપી એન કોલાંચીના જણાવ્યા મુજબ ૪૦૫ ગેરકાયદે હથિયાર, ૭૩૯ કારતૂસ, બે કરોડ રૂપિયાનો દારૂનો જથ્થો અને ૧.૫ કરોડની રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી. અગાઉ રવિવારે પણ બુલંદશહેર પોલીસે તપાસ હાથ ધરીને મતદાતાઓને આપવા માટે લઈ જવામાં આવી રહેલા ૫૨ લાખ રૂપિયાના દારૂના જથ્થા સાથે બે શખ્સની ધરપકડ કરી હતી. ૧૮મી એપ્રિલે ૧૩ રાજ્યની ૯૭ બેઠક માટે મતદાન યોજાશે. જેમાં ઉત્તર પ્રદેશની આઠ, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળની ત્રણ-ત્રણ, ઓરિસ્સા, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકનો સમાવેશ થાય છે.









રાણપુરમાં ભાજપના ઉમેદવાર ડો.મહેન્દ્ર મુંજપરાના કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ



ડો.મુંજપરાને જંગી બહુમતીથી જીતાડવા રાણપુર તાલુકાના લોકોની તૈયારી

સુરેન્દ્રનગર લોકસભા-૯ ના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ડો.મહેન્દ્ર મુંજપરાનું રાણપુર તાલુકાનું પ્રમુખસ્વામી માર્ગ ઉપર વઢવાણા કોંમ્પલેક્ષમાં મધ્યસ્ત કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રવક્તા અને પુર્વ ધારાસભ્ય ભરતભાઈ પંડ્યા, સુરેન્દ્રનગર-૯ લોકસભાના ઉમેદવાર ડો.મહેન્દ્રભાઈ મુંજપરા,રાજ્યસભાના પુર્વ સાંસદ શંકરભાઈ વેગડ, ગુજરાત કોળી સમાજના પ્રમુખ કાળુભાઈ ડાભી, ઉદ્યોગપતિ ભુપેન્દ્રભાઈ મકવાણા, રાજુભાઈ મકવાણા, માલધારી સમાજના આગેવાન ઘનશ્યામભાઈ સાવધરીયા, નરેન્દ્રભાઈ દવે,જીવાભાઈ રબારી, ડો.ધરાબેન ત્રિવેદી, જગદીશભાઈ વકીલ, પ્રકાસભાઈ સોની સહીત અનેક ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

આ સમયે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતા કહ્યુ હતુ કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ જે વિકાસ કર્યો છે તેની આખા વિશ્વ એ નોંધ લીધી છે. નરેન્દ્રભાઈ મોદીને ફરીવાર દેશના વડાપ્રધાન બનાવવા માટે સુરેન્દ્રનગર-૯ લોકસભાના શિક્ષિત અને ઉત્સાહી ઉમેદવાર ડો. મહેન્દ્રભાઈ મુંજપરાને જંગી બહુમતીની વિજયી બનાવી એક કમળ દિલ્હી મોકલવાનુ છે.તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે બુથ જીતી જઈશુ તો લોકસભા જીતી જઈશું અને ફરી વખત નરેન્દ્રભાઈ મોદી ને વડાપ્રધાન તરીકે જોઈશુ.જેથી સમગ્ર ભારત દેશ નો વિકાસ કરીને ભારત નો વિશ્વમાં ડંકો વાગશે.સાથે સુરેન્દ્રનગર-૯ લોકસભાના ઉમેદવાર ડો.મહેન્દ્રભાઈ મુંજપરાએ લોકોને અપીલ કરી હતી કે જંગી બહુમતી થી મને જીતાડજો મારી જીત એ તમારી જીત છે.અને આ વિસ્તારના તમામ પ્રશ્નો નો નિકાલ કરીશુ.સુરેન્દ્રનગર લોકસભા વિસ્તાર વધુ માં વધુ વિકાસ અને પ્રગતી કરે એ અમારી પહેલી પ્રાથમિકતા રહેશે.

રાણપુરના ખસ ગામેથી જુગાર રમતા ચાર ઈસમો ઝડપી પાડતી રાણપુર પોલીસ

બે મોટરસાઈકલ સહીત ૬૬.૧૬૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ખસ ગામે તીનપત્તીનો જુગાર રમતા ચાર ઈસમો રાણપુર પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.રાણપુર પોલીસ સુત્રો પાસેથી મળતી માહીતી મુજબ રાણપુરના ખસ ગામે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રાણપુર પોલીસે રેડ પાડતા ચાર ઈસમો જુગાર રમતા ઝપાઈ ગયા હતા જેમાં પ્રવિણભાઈ જીકુભાઈ ધાડવી રહે.પાણવી, ભુપતભાઈ ભીમજીભાઈ વડોદરીયા રહે.ખસ, દિનેશભાઈ કાનજીભાઈ વાઘેલા રહે.ખસ, શાંતુભાઈ વિહાભાઈ ખાચર રહે.ખસ આ ચારેય ઈસમો પાસેથી રોકડા ૧૧.૧૬૦ અને બે મોટરસાઈકલ જેની કીમત ૫૫૦૦૦ કુલ ૬૬.૧૬૦ ના મુદ્દામાલ ઝડપી પાડી જુગારધારા હેઠળ ગુન્હો દાખલ કરી આગળની વધુ તપાસ રાણપુર પોલીસ કરી રહી છે.

શહેરની શાળાઓમાં મતદાન જાગૃતિ કેળવવા નાટકથી રજૂઆત કરાઈ

વિદ્યાર્થીઓએ મતદારોને મતદાન કરવા પ્રેરિત કર્યાં

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં મતદારો પોતાના પવિત્ર મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા આશયથી શહેરના પાલનપુર જકાતનાકા પાસે આવેલી નવસર્જન હિન્દી વિદ્યાલય અને નવસર્જન હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિનું નાટક ભજવી અન્ય લોકોને પ્રેરિત કર્યા હતા.

વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ શેરી નાટક તેમજ ભીત સૂત્રો, અને પોસ્ટર લગાવી મતદારોને જાગૃત કર્યા હતા. સાથે સાથે શિક્ષકોએ પણ માર્ગદર્શન આપી લોકશાહીના પર્વમાં વધુમાં વધુ મતદાન કરવાનો સંદેશો લોકો સુધી પહોચાડયો હતો. શાળાના બાળકોએ 'મત આપવો આપણી પવિત્ર ફરજ છે, છોડ કે અપને સારે કામ પહેલે ચલો કરે મતદાન, સાચુ મતદાર લોકશાહીનો ધબકાર, જાગો મતદાર જાગો જેવા ભીંતસૂત્રો લખ્યા હતા. ઉપરાંત શ્રમ સાધના ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સંસ્કાર જીવન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન અવશ્ય કરવા માટે શપથ ગ્રહણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

હળવદના નવા માલણીયાદ ગામે વિજ વાયરનો તણખલો પડતા આગ ભભૂકી ઉઠી



પીજીવીસીએલની બેદરકારી ભોગ બનતા ખેડૂતો : એક લાખથી વધારે નુકસાન

પંથકમાં અવારનવાર વિજ વિભાગની બેદરકારીના હિસાબે વિજ વાયર તેમજ તણખલાઓ પડી ખેડુતોની તૈયાર થયેલી જણસ સળગીને ખાખ થઈ જાય છે જેમાં આજે મોડી સાંજે હળવદના માલણીયાદ ગામે ઘઉં કાપેલા ખેતરમાં વિજ વાયરમાથી તણખલો પડતા આગ ભભૂકી ઉઠી હતી અને અંદાજે એક લાખથી વધારેનુ નુકસાન થવાનું અનુમાન છે.

હળવદ તાલુકામાં આજે સવારથી જ ભારે પવન સાથે વાદળ છાયુ વાતાવરણ રહેવા પામ્યું હતું જેમાં આજે મોડી સાંજે તાલુકાના નવા માલણીયાદ ગામે જવતો વિજ વાયર તુટી પડતા દોડધામ મચી જવા પામી હતી જયારે બીજી તરફ વાડીમાં વિજ વાયરના તણખલાઓ પડતા આગ ભભૂકી ઉઠી હતી.નવા માલણીયાદ ગામે આજે મોડી સાજે લાગેલી આગમાં ખેડુતોના સબમર્શીબલ, કેબલ,પાઈપલાઈન સહિત સળગી ઉઠતાં અદાજે એક લાખથી વધારેનુ નુકસાન થવા પામ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છેકે હળવદના સુંદરીભવાની ગામે ૬ વિધાના ઘઉ અને રણજીતગઢ ગામે ૨૩ વિધાના ઘઉ પણ પીજીવીસીએલની બેદરકારીના હિસાબે જ સળગી ઉઠ્યાં હતાં ત્યારે અવારનવાર પીજીવીસીએલની બેદરકારીનો ભોગ બનતા ખેડૂતોની સ્થિતિ કફોડી બની જવા પામી છે ત્યારે આજે ફરી વિજ વાયરના તણખલા પડતા નવા માલણીયાદ ગામે આગ ભભૂકી ઉઠી હતી સદનસીબે ખેડુતે ઘઉનો પાક પકવીને ખેતર ખાલી કરીને રાખ્યું હતું પરતું જો ઘઉનો પાક ઉભો હોત તો ખેડૂત ને નુકશાની વેઠવી પડે અને પાયમાલ થવાનો ખતરો ઉભો થયો હતો.

સદાફલદેવ દંડકવન આરમમાં ચતુર્થ વાર્ષિક ઉત્સવે ૨૧૦૦ કુંડીય મહાયજ્ઞ

વિહંગમ યોગ સંત સમાજ દ્વારા વાંસદા ખાતે તા. ૧૮મીથી બે દિવસ વિવિધ કાર્યક્રમોનું આયોજન

સુરત

અખિલ ભારતીય વિહંગમ યોગ સંત સમાજ દ્વારા આગામી તા.૧૮-૧૯ એપ્રિલ ૨૦૧૯ના રોજ નવસારી જિલ્લાના વાંસદા ખાતેના વાંસિયા તળાવ સ્થિત દંડકવન આશ્રમમાં સતુર્થ વાર્ષિક ઉત્સવ નિમિત્તે ૨૧૦૦ કુંડીય વિશ્વશાંતિ મહાયજ્ઞ તથા વિહંગમ યોગ સત્સંગ સમારંભના બે દિવસીય કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરતા રામવૃક્ષદાસજીએ જણાવ્યું હતું કે, તા.૧૮' એપ્રિલ ૨૦૧૯ના રોજ ગુરુવારે સવારે 'અ' અંકિત ધ્વજારોહણ, શોભાયાત્રા, ભજન તથા પૂ.સંત પ્રવર શ્રી વિજ્ઞાનદેવજી મહારાજની સ્વર્વેદ દિવ્યવાણીનો કાર્યક્રમ યોજાશે અને તા.૧૯ એપ્રિલ ૨૦૧૯ના શુક્રવારના રોજ સવારે સમગ્ર વિશ્વમાં સુખ શાંતિ અને સમૃદ્ધિની કામના અર્થે આધ્યાત્મ માર્તન્ડ વીસ કલા વિભૂષિત સદગુરુ આદિત્ય વિહંગમ યોગી અનંત શ્રી સ્વતંત્રદેવજી મહારાજના સાનિધ્યમાં વૈદિક મંત્રોચ્ચારણ દ્વારા ૨૧૦૦ કુંડીય મહાયજ્ઞનું પવિત્ર કાર્ય સંપન્ન થશે અને સાંજે ૪:૦૦ કલાકે સંતપ્રવર વિજ્ઞાન દેવજી મહારાજની દિવ્ય વાણી તથા સદગુરુ આચાર્યશ્રી સ્વતંત્ર દેવજ મહારાજની અમૃત વાણી કાર્યક્રમ સાથે યજ્ઞ પછી ભંડારો તથા રાત્રી સત્સંગ બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે.

દંડકવન આશ્રમ વાંસદા ખાતે આયોજિત બે દિવસીય ધર્મકાર્યમાં સહભાગી થવા સર્વે જનોને સહ પરિવાર પધારવા વિહંગમ યોગ સંત સમાજ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



સિવિલ હોસ્પિટલ રોડ પર સુરત મહાનગરપાલિકાએ નિરાધાર લોકો માટે બનાવેલા રૈન બસેરામાં લોકોએ વાહન પાર્ક કરી પાર્કિંગ બનાવી દીધું હોવાનું તસવીરમાં પ્રતીત થાય છે.

એસ.ડી. જૈન શાળામાં અનોખો કાર્યક્રમ યોજાયો



સુરત

એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ સ્કૂલ ગુજરાત બોર્ડ વેસુ ખાતે યોજાયેલ પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકોના ગ્રેજ્યુએસન કાર્યક્રમમાં દરેક બાળકોને તિલક કરીને વાઈસ ચેરમેન અશોકજી જૈનના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વેલકમ સપીચ દ્વારા શાળાના આચાર્ય મીનાક્ષીબેન વખારિયાએ સૌને આવકાર્યા હતા. પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકોને ડિગ્રી સર્ટિફિકેટ અને ભેટ આપવામાં આવી હતી. પૂર્વ પ્રાથમિક વિભાગના સિનિયર કેજીના બાળકો તથા જુનિયર કેજીના બાળકોએ સ્પીચ તથા ડાન્સ પર્ફોમન્સ આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં જાનવી અલવાની દ્વારા આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુમારી શેરોન જ્યોર્જ દ્વારા કરવામાં આવ્યું હતું.

વેલ્લોરમાં કરોડોની કેશ મળતાં ચૂંટણી રદ કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરાઈ

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચના પ્રયાસ રહે છે કે દરેક જગ્યાએ પ્રમાણિક મતદાન થાય પરંતુ અનેક વખત ચૂંટણીમાં કાળા નાણાના ઉપયોગના સમાચાર આવતા રહે છે. તામિલનાડુની વેલ્લોર લોકસભા બેઠક પર આવો જ કંઈક ઘાટ સર્જાયો છે. આ ક્ષેત્રમાં ભારે માત્રામાં કેશ જપ્ત થતા ચૂંટણી રદ્ થવાની આશંકા છે. ચૂંટણી પંચે આને લઈને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર પણ લખ્યો છે. લોકસભા ચૂંટણીનું નોટિફિકેશન રાષ્ટ્રપતિ જારી કરે છે એટલે ચૂંટણી રદ્ કરવી પણ તેમના અધિકારક્ષેત્રમાં આવે છે. વેલ્લોર સીટ પર ૧૮ એપ્રિલે રાજ્યની અન્ય બેઠકો સાથે મતદાન યોજાવાનું છે. સોમવારે ઈક્મટેક્સ વિભાગના અધિકારીઓને એક ડીએમકે અધિકારીના સિમેન્ટ ગોડાઉનમાં કાર્ટૂન અને બોરીઓમાંથી રોકડ રકમના બંડલ જપ્ત કર્યા હતાં. દ્રમુક અધિકારીને પાર્ટીના કોષાધ્યક્ષ દુરઈમુરુગનના નિકટના ગણાવવામાં આવી રહ્યાં છે.

ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી એલ.સી.બી., મહેસાણા પોલીસ



પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડા ગાંધીનગર રેન્જ ગાંધીનગર નાઓએ આગામી લોકસભા ચૂંટણી લગત અસરકારક કામગીરી કરવા સૂચના કરેલ હોઈ તેમજ પોલીસ અધિક્ષક નિલેશ જાજડીયાએ મહેસાણા જીલ્લામાં બનતા મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ શોધી કાઢવા સારૂ અમોને સૂચના કરેલ. જે અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી., મહેસાણા તથા PSI આર.જી.ચૌધરી તથા ASI હીરાજી, HC રાજેન્દ્રસિંહ, નરેન્દ્રસિંહ, નિલેશકુમાર, મહેન્દ્રકુમાર, રશ્મેન્દ્રસિંહ, મહેન્દ્રસિંહ, PC વિશ્વનાથસિંહ વિગેરે સ્ટાફના માણસો કડી ટાઉનમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન કડી, કસ્બા નજીક આવતા ASI હીરાજી, HC નરેન્દ્રસિંહ નાઓને સંયુકત રીતે બાતમી હકીકત મળેલ કે, એક ઈસમ કાળા કલરનું એકટીવા તથા ચોરી કરેલ મોબાઈલ ફોન લઈ કડીથી નંદાસણ તરફ જનાર છે. જે હકીકત આધારે કુડાળ ત્રણ રસ્તા ઉપર સદરી ઈસમની વોચમાં રહેલ તે દરમ્યાન ઉપરોકત હકીકત વર્ણનવાળો ઈસમ આવતા તેને કોર્ડન કરી જે તે સ્થિતિમાં પકડી પાડેલ અને તેની પુછપરછ કરતાં પોતાનું નામ યાસીન ઉર્ફે ટાઈગર S/O કાલેખાન બાજીતખાન જાતે પઠાણ ઉ.વ.૨૬ ધંધો મજુરી રહે.કડી કસ્બા અધારવાડો ઈમામકુઈ પાસે તા. કડી જી.મહેસાણાનો હોવાનું જણાવેલ. તેની અંગજડતી કરતાં એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ. ૧૭,૦૦૦/- નો તથા તેની પાસેનું એકટીવા જે કાળા કલરનું નંબર વગરનું હોઈ જે મોબાઈલ તથા એકટીવા બાબતે પુછતાછ કરતાં જે ગલ્લા તલ્લા કરે છે અને કોઈ સંતોષકારક જવાબ આપતો ન હોઈ જેથી સદરી પાસેથી મોબાઈલ ફોન તથા એકટીવા આપ સાહેબે સી.આર.પી.સી. ક.૧૦૨ મુજબ કબજે કરેલ છે અને આ મોબાઈલ ફોન તથા એકટીવા ચોરી અથવા છળકપટથી મેળવેલ હોઈ તેને સી.આર.પી.સી.ક. ૪૧(૧)ડી મુજબ અટક કરી વધુ પુછપરછ કરતાં પોતે તથા શેખ શાહરૂખખાન ઉર્ફે કાલુ સીકંદરભાઈ ઉસ્માનભાઈ રહે.કડી, જુની કોર્ટ પાસે, ઈન્દીરાનગર તા.કડી જી.મહેસાણા વાળાએ ભેગા મળી કડી ટાઉનમાં અલગ અલગ વિસ્તારમાંથી ઘરફોડ ચોરીની તથા વાહન ચોરીની કબુલાત કરેલ જે બંને ઈસમોને સાથે રાખી સઘન પૂછપરછ કરી નીચે મુજબના ગુના શોધી કાઢેલ છે.

(૧) કડી ટાઉન મોટી વ્હોરવાડ વગદામાં અબ્દુલ મતીન મહંમદ ઉમર લાલશાવાળાના મકાનમાંથી આજથી ચાર મહીના પહેલાં ઘરવખરીના સરસામાનની ચોરી

(૨) કડી ટાઉન, કસ્બા, અધારવાડામાંથી પાંચ-છ દીવસ પહેલાં એકટીવાની ચોરી

(૩) કડી, કસ્બા, મહેસાણા ડીસ્ટ્રીકટ બેંક પાસેથી એજાજી મહંમદ ઐયુબ ઉસ્માનભાઈના મકાનમાંથી ફીજ ગેસનો બાટલો તથા ઘરવખરી સામાનની ચોરી

(૪) કડી, મોટી વ્હોરવાડ અકદસ સ્કુલની પાસે ગુલામહુશેન અબ્દુલ રસુલ વોરાના મકાનમાંથી પંખો તથા પરચુરણ સામાન

(૫) કડી, કસ્બા, છીપવાડ, કાપડ બજારમાંથી મોબાઈલ કિ.રૂ.૧૭૦૦૦/- તથા રોકડ રૂ.૨૫૦૦/- ની ચોરી

આમ ઉપરોકત ઘરફોડ ચોરીઓ તથા એકટીવા ચોરી કરેલાની કબુલાત કરેલ હોઈ જે તમામ ઘરફોડ ચોરીનો મુદ્દામાલ તથા મોબાઈલ ફોન તથા એકટીવા મળી કુલ રૂ.૮૪,૪૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી ઘરફોડ ચોરી તથા વાહન ચોરીના ગુનાઓ શોધી કાઢેલ છે.

આમ મહેસાણા એલ.સી.બી. પોલીસે ઘરફોડ ચોરી-૪ તથા વાહન ચોરી-૧ મળી કુલ-૫ ગુનાઓ શોધી આરોપીઓ પકડી પાડી મુદ્દામાલ રીકવર કરી ખુબજ પ્રસશંનીય કામગીરી કરેલ છે.

ભ્રષ્ટાચારીઓ મને રસ્તામાંથી હટાવવા માગે છે

મલાઈ ખાવામાં રસ હોય તે ગરીબોની ચિંતા શા માટે કરે: મોદી

અગાઉ યુપીએ શાસનમાં એક રૂપિયામાંથી ફક્ત ૧૫ પૈસા ગરીબો સુધી પહોંચતા, ભાજપે આવીને ભ્રષ્ટાચાર પર બ્રેક લગાવી

સંબલપુર

લોકસભાની ચૂંટણીના બીજા તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓરિસ્સાના સંબલપુરમાં એક સભાને સંબોધિત કરી કોંગ્રેસને આડે હાથ લીધી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે, જેમની પ્રાથમિકતા માત્ર મલાઈ ખાવાની હોય તેમને તમારી ચિંતા કેમ હોય? ચિટફંડ અને ખાણ માફિયાઓને જ માત્ર સરકાર સંરક્ષણ આપતી હોય તો તેમને સામાન્ય વ્યક્તિઓની ચિંતા કેમ હોય? કોલસા કૌભાંડમાં પણ કોની સામે આંગળીઓ ચિંધાઈ હતી તે ઓરિસ્સાની જનતા સારી રીતે જાણે છે.

કોંગ્રેસ પર નિશના તાકતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, મહામિલાવટિયાઓની તમારા ચોકીદાર માટેનો સ્નેહ સમજાતો જ નથી. પહેલા તબક્કાના મતદાન બાદ જે સંકેતો સામે આવ્યા છે તેનાથી એક વાત સ્પષ્ટ છે કે, ફરી એકવાર મોદી સરકાર સત્તામાં આવશે, કારણ કે તે એક ઈમાનદાર સરકાર છે.



વડાપ્રધાને કોંગ્રેસને ચાબખાં મારતા કહ્યું હતું કે, દેશમાં પૈસાની અછત ક્યારેય રહી નથી, ખામી રહી છે પૈસાના યોગ્ય ઉપયોગની. અગાઉની સરકારોએ ક્યારે આ વાત પર ધ્યાનના આપ્યું કે જેટલા પૈસા મોકલવામાં આવી રહ્યાં છે તે તમારી પાસે પહોંચે છે કે કેમ. આઝાદીના આટકા વર્ષોથી ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હતો પરંતુ તેને કોઈ રોકવા વાળું જ નહોતુ. પરંતુ હવે ચોકીદારે એવી વ્યવસ્થા કરી છે કે, સરકાર જેટલા પૈસા આપે તે બધા જ ગરીબો માટે જ ખર્ચ થઈ રહ્યાં છે. તમારા આશિર્વાદના કારણે જ ભાજપની મજબુત સરકાર લોક કલ્યાણ અને રાષ્ટ્ર કલ્યાણના મોટા મોટા કામો કરી શકે છે. બાકી તમે અગાઉ દિલ્હીમાં મજબૂર ને ભ્રષ્ટ સરકારો જોઈ ચુક્યા છો.

તેમણે અગાઉની સરકાર પર નિશાન તાકતા કહ્યું હતું કે, આ તે સરકારો હતી કે જે તમને મળતી ખાંડમાં પણ કૌભાંડ કરતી હતી. તે એ સરકારો હતી જે તમને મળનારા રેશનમાં કૌભાંડ કરતી હતી. તે એ સરકારો હતી જે ખેડૂતોને મળતા યુરિયામાં ગોબાચારી આચરતી હતીએ. આ એ સરકાર હતી જે જમીનમાંથી નિકળતા ખનીજો અને કોલસામાં પણ કૌભાંડ આચરતી હતી. તેમણે જણાવ્યું હતું કે, અગાઉની ભ્રષ્ટ અને નબળીએ સરકારોનું જ પરિણામ છે કે આઝાદીના આટલા વર્ષો બાદ પણ સમૃદ્ધ ઓરિસ્સાની જનતા ગરીબ રહી ગઈ. ક્ષેત્રના આધારે ભેદભાવ, નાત-જાતના આધારે ભેદભાવ, આ બધી કોંગ્રેસ અને બીજેડીની જ દેન છે. જેમની પ્રાથમિકતા જ કટની રહી હોય, મલાઈ ખાવાની રહી હોય, તેમને તમારી શી ચિંતા હોય. ચીટફંડ અને ખાણ માફિયાને જે જો સરકારો સંરક્ષણ પુરૂ પાડે તો સામાન્ય માનવીની ચિંતા કેવી રીતે થાય.



વાતાવરણમાં પલટા સાથે પવનની ઉત્તર-પૂર્વ તરફ તેજ ગતિથી પવન ફૂંકાતા ચારેબાજુથી ધૂળની ડમરીઓ ઉડતા વાતાવરણ ધૂળિયું બની ગયું છે. પવનની દિશા બદલાતા તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો થયો છે. અલબત્ત બફારાના ઉંચા પ્રમાણના કારણે વધારે ગરમી હોવાનો અનુભવ થઈ રહ્યો છે.

પવનની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો

વાદળછાયા વાતાવરણના કારણે તાપમાનમાં ૪ ડીગ્રીનો ઘટાડો

સુરત

દક્ષિણ ગુજરાતમાં ચીખલીના જામલીયા ગામથી સાપુતારના મહુવાસ ગામ સુધી કમોસમી વરસાદ તેમજ વ્યારામાં માવઠું થતા સુરત શહેરના વાતાવરણમાં આજે સવારથી પરિવર્તન જોવા મળ્યું છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે અસહ્ય ગરમીથી રાહત મળી પરંતુ ઉકળાટ બફારો યથાવત છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૯.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૮.૦ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ પર ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૦.૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. નવસારીમાં અધિકતમ તાપમાન ૩૮.૦ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૦ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકતમ તાપમાન ૩૭.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૩.૧ ડીગ્રી નોંધાયું છે. ગતરોજ ચીખલી, સાપુતારા અને વ્યારામાં કમોસમી વરસાદ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો.

આજે સવારથી સુરત શહેરમાં વાદળછાયુ વાતાવરણ છવાવાની સાથે ગરમીમાં રાહત મળી હતી. આજે તાપમાનમાં ગતરોજની સરખામણીએ ૩ થી ૪ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. વાતાવરણમાં આવેલ પલટાની અસરથી શહેરીજનોને અસહ્ય ઉકળાટ અને ગરમીથી રાહત મળી છે. પવનની દિશા દક્ષિણના બદલે ઉત્તર તરફની થતા આગામી દિવસોમાં ગરમી વધશે.

વાંધાનજક ભાષણ સામે ચૂંટણી પંચની કામગીરીથી સુપ્રીમ કોર્ટ સંતુષ્ટ

લાગે છે ચૂંટણીપંચની શક્તિઓ પરત મળી ગઈ છે: સુપ્રિમ કોર્ટ

યોગી આદિત્યનાથ, આઝમ ખાન, માયાવતી અને મેનકા ગાંધી સામે પંચની કાર્યવાહીથી સુપ્રીમ કોર્ટે સંતોષ વ્યક્ત કર્યો

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન ઉમેદવારો દ્વારા જાતિ/ધર્મના નામે મત માંગવાના કેસમાં આજે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, અમે એવા નેતાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. નેતાઓએ આપત્તિજનક ભાષણો પર ચૂંટણી પંચે કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે મંગળવારે સંતોષ વ્યક્ત કર્યો. ચૂંટણી પંચના જવાબમાં મુખ્ય ન્યાયાધીસ રંજન ગોગોઈએ ટિપ્પણી કરતા કહ્યું હતું કે, લાગે છે કે ચૂંટણી પંચની શક્તિઓ તેને પરત મળી ગઈ છે.

સુપ્રીમ કોર્ટે શારજાહ (યુએઈ)ના એક એનઆરઆઈ યોગા ટીચર મનસુખાનીની અરજી પર સુનાવણી કરી હતી. અરજીમાં એવા નેતાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહીની માંગ કરાઈ હતી, જેઓ ચૂંટણી દરમિયાન જાતિ-ધર્મના આધારે ટિપ્પણીઓ કરે છે. કોર્ટે ૮ એપ્રિલે આ મામલે સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચને નોટિસ મોકલી હતી.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ જ્યારે ઉત્તરપ્રદેશમાં નેતાઓ દ્વારા ધાર્મિક અને વિવાદીત નિવેદન આપવાની બાબતે ચૂંટણી પંચે શું કાર્યવાહી કરી તે અંગે સવાલ કરાયો તો પંચે કહ્યું કે અમે આ મામલે માત્ર નોટિસ મોકલી જવાબ માગી શકીએ છીએ. તે મુદ્દે નારાજ સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું કે હકિકતમાં તમે એવું કહેવા માગો છો કે તમે શક્તિહીન છો.

સુપ્રીમ કોર્ટના કડક વલણ બાદ ચૂંટણી પંચે સોમવારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બસપા પ્રમુખ માયાવતી પર ૪૮ અને ૭૨ કલાક સુધી પ્રચાર કરવાની રોક લગાવી છે. આ નિર્ણયના થોડાંક કલાક પછી પંચે ભાજપના નેતા મેનકા ગાંધી અને સપા નેતા આઝમ ખાન પર પણ ૪૮ અને ૭૨ કલાક સુધી ચૂંટણી પ્રચાર કરવા પર રોક લગાવી છે.

આ કાર્યવાહી બાદ આજે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે, જાતિ/ધર્મના મત માંગનારા નેતાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. ચૂંટણી પંચની કાર્યવાહી પર સંતોષ વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીસ રંજન ગોગોઈએ કહ્યું હતું કે, હવે કોર્ટને કોઈ ઈન્ટરિમ આદેશ આપવાની જરૂર નથી. આજે કોઈ આદેશ પસાર નહીં કરે. લાગે છે કે ચૂંટણી પંચની શક્તિઓ તેને પરત મળી ગઈ છે.

યૂપી કોંગ્રેસ પ્રમુખ રાજ બબ્બરને દોડાવી-દોડાવીને મારવાની બસપાના નેતાની ધમકી

ફતેહપુર સીકરી

ફતેહપુર સીકરીમાં બસપા નેતા અને મહાગઠબંધન ઉમેદવાર ગુડ્ડુ પંડિત ઉર્ફે શ્રીભગવાન શર્મા ફરી એકવખત પોતાના વિવાદાસ્પદ નિવેદનના લીધે ચર્ચામાં છે. એક ચૂંટણી રેલીને સંબોધિત કરતાં તેમણે આ સીટ પરથી કોંગ્રેસ ઉમેદવાર રાજ બબ્બર અને તેમના સમર્થકોને જૂતાથી મારવાની વાત કહી છે, ત્યાં કોંગ્રેસ ઉમેદવાર રાજ બબ્બરની વિરૂદ્ધ આપત્તિજનક ટિપ્પણી કરી છે.

બસપા નેતા એ કહ્યું કે 'સાંભળી લો રાજ બબ્બરના કૂ★★★તને અને તમારા નેતા ન★★★ને દોડાવી-દોડાવીને જૂતાથી મારીશું, જે જૂઠ્ઠાણું ફેલાવી સમાજમાં, જ્યાં મળશે ગંગા માતાના સોગંધ તમને જૂતાથી મારીશ. તને અને તારા દલાલોનેપ.'

વાડિયોમાં ગુડ્ડુ પંડિતે સીકરીથી જ કોંગ્રેસ ઉમેદવાર રાજબબ્બર અને તેમના સમર્થકો પર આપત્તિજનક ટિપ્પણીનો ઉપયોગ કર્યો છે. ખૂબ જ ગુસ્સામાં પોતાનું નિવેદન આપી રહેલા ગુડ્ડુનો ૩૧ સેકન્ડનો આ વીડિયો સોશિયલ મીડિયા પર થોડીક જ વારમાં વાયરલ થઈ ગયો. આપત્તિજનક ટિપ્પણીને લઈ રાજકીય ગલિયારામાં ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

આપને જણાવી દઈએ કે ગુડ્ડુ પંડિત પર આચારસંહિતા ઉલ્લંઘનના ચાર કેસ પહેલેથી જ નોંધાઈ ચૂકયા છે.

ચૂંટણી પંચ ચૂંટણી લડવા ૭૫ લાખ આપે અથવા કિડની વેચવા માટે મંજૂરી આપે

મ.પ્રદેશના બાલાઘાટ બેઠકના અપક્ષ ઉમેદવારની ચૂંટણીપંચ સમક્ષ અજબ માંગણી

બાલાઘાટ

મધ્ય પ્રદેશના બાલાઘાટ બેઠકના અપક્ષ ઉમેદવાર કિશોર સમ્રિતે ચૂંટણી પંચ સમક્ષ અજબ માગણી કરી છે. કિશોરે ચૂંટણી પંચને વિનંતી કરી છે કે ચૂંટણી પંચ તેમને ચૂંટણી લડવા માટે ૭૫ લાખ રૂપિયા આપે અથવા તો તેમની કિડની વેચવા માટે મંજૂરી આપે.

સમ્રિતે જિલ્લા ચૂંટણી અધિકારી દિપક આર્યાને પત્ર લખીને જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના ખર્ચ માટે ૭૫ લાખ રૂપિયાની મર્યાદા રાખી છે. મારી પાસે ચૂંટણી લડવા માટે નાણાં નથી. હું ચૂંટણી પંચને વિનંતી કરું છું કે તેઓ મને ૭૫ લાખ રૂપિયા આપે અથવા તો ચૂંટણી પંચ કોઈ બેંક પાસેથી મને આટલા રકમની લોન અપાવી દે. જો ચૂંટણી પંચ મને નાણાં આપવા માટે સક્ષમ ન હોય તો મને મારી કિડની વેચવા માટે મંજૂરી આપી દે. સમ્રિતે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, મેં ચૂંટણી પંચને પત્ર લખ્યો છે કેમકે હું ચૂંટણી પ્રચાર માટે નાણાં એકત્ર કરવા માટે સક્ષમ નથી. ચૂંટણી પ્રચાર ૧૫ દિવસમાં સમાપ્ત થઈ જશે. હું આટલા ઓછા સમયમાં ૭૫ લાખ રૂપિયા એકત્ર કરી શકું તેમ નથી. મારા વિરોધીઓ ભ્રષ્ટાચારીઓ છે. તેમણે લોકોની પાસેથી ખંડણી માંગી નાણાં એકત્ર કરી લીધા છે. હું આ વિસ્તાર અને ગરીબોનો વિકાસ માટે કરવા માગુ છું.

મોટાવરાછા-ભરથાણા રોડ પરથી મળેલી લાશ અંગે ખૂનનો ગુનો દાખલ

કોસાડ આવાસના રહીશ સંતોષ શિંદેની હત્યા કરાઈ હોવાનું તપાસમાં ખુલ્યું

સુરત

મોટાવરાછા-ભરથાણા ટી પોઈન્ટ પાસે એક ઈસમને ફોર વ્હીલ ગાડીમાં બેસાડી હત્યા કરી પુરાવાઓનો નાશ કરવા મોટાવરાછા ખાતે જાહેરમાં ફેકી દઈ ચાર ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકે નોંધાતા પોલીસે હત્યા તથા પુરાવાઓના નાશનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમરોલી-કોસાડ આવાસ ખાતે સારૂબેન કિશનલાલ સતવા રહે છે. ગત તા.૭મી માર્ચ ૨૦૧૯ના રોજ સંતોષ કિશનલાલ શિંદે ને ચાર અજાણ્યા ઈસમોએ એક સફેદ કલરની ગાડીમાં બેસાડી કોઈ અગમ્ય કારણોસર હતયા કરી નાંખી પુરાવાઓનો નાશ કરવા મોટાવરાછા ભરથાણા ટી પોઈન્ટ પાસે ફેંકી દઈ ફરાર થઈ ગયા હતા. ગત તા.૭મી માર્ચના રોજ બનેલી ઘટનામાં અમરોલી પોલીસે પ્રારંભિક તબક્કામાં અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો હતો. પરંતુ આ વિધવા માતા સારૂબેને રૂબરૂમાં અમરોલી પોલીસ મથકમાં પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યા તથા પુરાવાઓના નાશનો ગુનો દાખલ કર્યો હતો. અમરોલી પોલીસ મથકના પીઆઈ ડી.એસ. કોરાટે તપાસ શરૂ કરી છે.

ઈક્વાડોરના ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ડિપાર્મેન્ટના ઉપમંત્રીએ કહ્યું

જૂલિયન અસાન્જેની ધરપકડ બાદ સરકારી સંસ્થાઓ પર ૪ કરોડ સાઈબર હુમલા થયા

ક્વિતો

વિકીલીક્સના સંસ્થાપક જૂલિયન અસાન્જે (૪૭)ની ધરપકડ બાદ વિશ્વમાંથી ઈક્વાડોરની સરકારી સંસ્થાઓની વેબસાઈટ પર ૪ કરોડ સાઈબર અટેક થયા છે. આ જાણકારી સોમવારે ઈક્વાડોરના ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના ઉપમંત્રી પેટ્રિકો રિયલે આપી છે. બ્રિટિશ પોલીસે ગુરૂવારે અસાન્જેની ધરપકડ કરી હતી. અસાન્જેએ ૨૦૧૨થી ઈક્વાડોરની એમ્બેસીમાં શરણ લીધી હતી. પેટ્રિકનો દાવો છે કે, મોટાંભાગના સાઈબર અટેક સાઉથ અમેરિકન દેશો ઉપરાંત અમેરિકા, બ્રાઝીલ, હોલેન્ડ, જર્મની, રોમાનિયા, ફ્રાન્સ, ઓસ્ટ્રિયા અને બ્રિટનમાં થયા. આ દરમિયાન વિદેશ મંત્રાલય, સેન્ટ્રલ બેંક, પ્રેસિડન્ટની ઓફિસ, રેવન્યૂ ઓફિસ, અનેક મંત્રાલય અને યુનિવર્સિટીની સાઈટ્સને નિશાન બનાવવામાં આવી.

ઈક્વાડોરના પ્રેસિડન્ટ લેનિન મોરેનોએ કહ્યું હતું કે, આતંરરાષ્ટ્રીય સમજૂતીના સતત ઉલ્લંઘનના કારણે અમે અસાન્જેને શરણ આપવાનો ઈકાર કરી દીધો. ઈક્વાડોરના આ નિર્ણય બાદ ૨૦૧૨માં જાહેર કરેલા વોરન્ટ હેઠળ અસાન્જેની ધરપકડ કરવામાં આવી. જો કે, વિકીલીક્સે કહ્યું કે, ઈક્વાડોરે અસાન્જેની રાજકીય શરણને આતંરરાષ્ટ્રીય સમજૂતીનું ઉલ્લંઘન ગણાવીને ગેરકાયદે પગલાં લીધા છે. વિકીલીક્સે અમેરિકન ઈન્વેસ્ટિગેશન એજન્સી સીઆઈએને પણ આ પગલાં બદલ જવાબદાર ઠેરવી હતી.

પાક.ના સિંધ પ્રાંતમાં એક વર્ષમાં ૧ હજાર હિંદુ-ઈસાઈ યુવતીઓનું જબરદસ્તી ધર્માંતરણ: રિપોર્ટ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના સ્વતંત્ર માનવાધિકાર સંગઠને દેશમાં હિન્દુ અને ઈસાઈ યુવતીઓના જબરદસ્તી ધર્માંતરણ અને લગ્ન પર ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે ગત વર્ષે માત્ર સિંધ પ્રાંતમાં જ આ પ્રકારના ૧૦૦૦ જેટલા મામલાઓ સામે આવ્યા છે. પોતાના વાર્ષિક રિપોર્ટમાં પાકિસ્તાન માનવાધિકાર આયોગે કહ્યું કે સરકારે આ પ્રકારે જબરદસ્તી કરવામાં આવતા લગ્નોને રોકવા માટે ભૂતકાળમાં ખૂબ થોડા પ્રયત્નો કર્યા છે. તેમણે સાંસદો પાસેથી આ ચલણને ખતમ કરવા માટે પ્રભાવી કાયદો બનાવવા કહ્યું છે.

આયોગે કહ્યું કે ૩૩૫ પેજના "૨૦૧૮ માનવાધિકાર સ્થિતી" રિપોર્ટમાં કહ્યું છે કે ૨૦૧૮માં સિંધ પ્રાંતમાં જ હિન્દુ અને ઈસાઈ યુવતીઓ સંબંધિત અનુમાનિત એક હજાર મામલાઓ સામે આવ્યા છે. જે શહેરોમાં વારંવાર આવા મામલાઓ કે ઘટનાઓ ઘટી છે તેમાં ઉમરકોટ, થરપારકર, મીરપુરખાસ, બદીન, કરાંચી, ટંડો અલ્લાહયાર, કશ્મોર અને ઘોટકીનો સમાવેશ થાય છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાનમાં જબરદસ્તી ધર્માંતરણ અને જબરદસ્તી લગ્નનો કોઈ પ્રમાણિક આંકડો ઉપસ્થિત નથી. તેમાં જણાવવામાં આવ્યું છે કે સિંધ બાલ વિવાહ રોકથામ અધિનિયમ ૨૦૧૩ ને પ્રભાવી રીતે લાગુ નથી કરવામાં આવ્યું અને જબરદસ્તી લગ્નો પર સરકારની પ્રતિક્રિયા મળતી આવી છે.

રિપોર્ટ અનુસાર જો પોલીસની મીલી-ભગત ન રહી તોપણ મોટાભાગના મામલાઓમાં તેનું વલણ અસંવેદનશીલ રહ્યું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે ૨૦૧૮ માં પાકિસ્તાનમાં પોતાની આસ્થા અનુસાર જિંદગી જીવવા પર અલ્પસંખ્યકોનો સામનો કર્યો, તેમની ધરપકડ કરવામાં આવી. ત્યાંસુધી કે ઘણા મામલાઓમાં તેમના મોત પણ થયા.

રેલ્વેની ટિકિટ પર વડાપ્રધાન મોદીની તસ્વીર છપાઈ: ૪ કર્મચારી સસ્પેન્ડ

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણીમાં પ્રચારને લઈને ચૂંટણી પંચ સતત કડક વલણ અપનાવી રહ્યુ છે. સોમવારે કેટલાક નેતાઓના પ્રચાર પર બેન લગાવ્યા બાદ પંચની કડકાઈની અસર દેખાઈ છે. ટ્રેનની ટિકિટો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર છપાવવા પર રેલ્વેએ પોતાના ૪ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. પંચે આ તસવીરને લઈને રેલ્વે વિભાગને નોટીસ આપી હતી.

સોમવારે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કડક કાર્યવાહી ના કરવા પર ફટકાર લગાઈ હતી. જે બાદ સૌથી પહેલા પંચે નેતાઓના પ્રચાર પર બેન લગાવ્યો અને હવે અન્ય વિસ્તારોમાં પણ અસર જોવા મળી રહી છે.

રેલ્વે મંત્રાલયના સૂત્રો અનુસાર ગંગા સતલજ એક્સપ્રેસ(૧૩૩૦૮)ના થર્ડ એસીની ટિકિટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર લાગી હતી. આ ટ્રેન બારાબંકીથી વારાણસી માટે લઈ જવાઈ રહી હતી. આની પર બાદમાં બવાલ થઈ હતી અને ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાઈ હતી. જે બાદ ચૂંટણી પંચે રેલ્વેને નોટીસ મોકલી અને હવે રેલ્વેએ પોતાના કર્મચારીઓ પર કાર્યવાહી કરતા ૪ને સસ્પેન્ડ કરી દીધા છે. રેલ્વે ટિકિટ પર વડાપ્રધાન આવાસ યોજના સૌ માટે આવાસની જાહેરાત છપાયેલી હતી.ટિકિટની પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોટો પણ છપાયેલો હતો જેને લઈને એક વ્યક્તિએ ટ્વીટ કરી દીધી. જેની પર વિવાદ થયો હતો. ચૂંટણી અધિકારીએ કેન્દ્રીય ચૂંટણી પંચને જણાવ્યુ કે રેલ્વેએ ચારેય રેલ્વે કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા છે.

તંત્રી સ્થાનેથી...

નવા મુડના અધિકારી

કેન્દ્ર સરકારે પોતાના જુદા જુદા મંત્રાલયમાં નવ પ્રોફેશનલોની સંયુક્ત સચિવ તરીકે નિમણૂંક કરી છે. આમાંથી મોટા ભાગના પ્રાઈવેટ સેક્ટર સાથે જોડાયેલા અધિકારી છે. અધિકારીઓના માળખાને નવ રંગ રૂપ આપવાના હેતુથી ગયા વર્ષે સરકારે લેટરલ એન્ટ્રી મારફતે લોકોને ઉચ્ચ વહીવટી સેવામાં તક આપવાનો નિર્ણય કર્યો હતો. આનો અર્થ એ થયો કે પોત પોતાના ક્ષેત્રના નિષ્ણાંત લોકો યુપીએસસીની પરીક્ષા આપ્યા વગર પણ જોઈન્ટ સેક્રેટરી જેવા ટોપના હોદ્દા પર પહોંચી શકે છે. ગયા વર્ષે જુનમાં આના માટે આવેદન મંગાવવામાં આવ્યા હતા. જેનુ પરિણામ હવે જાહેર કરી દેવામાં આવ્યુ છે. આ રીતે લેટરલ એન્ટ્રી મારફતે નિમણૂંક કરવામાં આવેલા અધિકારીઓની પ્રથમ ટીમ પોતાની જવાબદારી અદા કરી રહી છે. અધિકારીઓમાં ફેરફારની જરૂરિયાત છેલ્લા કેટલાક સમયથી અનુભવ કરવામાં આવી રહી હતી. કેટલાક લોકોનો તો આરોપ હતો કે સિવિલ સેવાન પરીક્ષાનુ માળખુ હવે એવુ બની ગયુ છે કે રટ્ટા મારનાર અને પુસ્તકને વાંચી જનાર લોકો વધારે સફળ થઈ રહ્યા છે. તેમના સમાજની સાથે કોઈ લેવા દેવા નથી. બીજી બાજુ સામાજિક અને આર્થિક સ્થિતી પણ એટલી હદ સુધી બદલાઈ ગઈ છે કે હવે વિકાસ કાર્યોની માટે કેટલાક પ્રકારના નિષ્ણાંત લોકોની જરૂર રહે છે. ઈન્ફોસીસના સ્થાપક નારાયણમુર્તિ તો અહીં સુધી કહી ચુક્યા છે કે આઈએએસને ખતમ કરીને તેની જગ્યાએ ઈન્ડિયન મેનેજમેન્ટ સર્વિસની રચના કરવી જોઈએ. જેમાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાંત લોકોને રાખવાની જરૂર હોય છે. કેટલાક લોકોનુ માનવુ હતુ કે આ માળખાને પૂર્ણ રીતે ખતમ કરવાના બદલે આને વધારે વ્યવસ્થિત કરવામાં આવે તે જરૂરી છે. આ જ કારણસર વર્ષ ૨૦૦૫માં પહેલા વહીવટી સુધારા આયોગની રિપોર્ટમાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. વહીવટી સુધાર પંચના અહેવાલમાં પ્રથમ વખત અધિકારીઓમાં લેટરલ એન્ટ્રી માટેનો પ્રસ્તાવ આવ્યો છે. જો કે આ કોઈ એકદમ નવી બાબત નથી. પહેલા પણ સરકારમાં ઉચ્ચ સ્તર પર સિવિલ સેવાના બહારના લોકોને રાખવામાં આવ્યા છે. તેમાં સૌથી મોટા દાખલા તરીકે તો પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ છે. જેમને વર્ષ ૧૯૭૧માં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયમાં સલાહકાર તરીકે રાખવામાં આવ્યા હતા. જ્યારે વડાપ્રધાન બન્યા બાદ સિંહે પોતે રઘુરામ રાજનને તેમના આર્થિક સલાકાર બનાવ્યા હતા. રઘુરામ રાજન પણ યુપીએસસીમાંથી પસંદ થઈને આવ્યા ન હતા. ન્યુઝીલેન્ડ, બ્રિટન અને અમેરિકા જેવા દેશોમાં પણ આ પ્રકારની નિમણૂંક કરવામાં આવે છે. ભારતમાં આ પ્રયોગ અધિકારીઓના સ્તરમાં વ્યાપક પરિવર્તન લાવી શકે છે. વર્તમાન સિસ્ટમમાં શરૂઆતથી જ એક અધિકારી આટલા પ્રકારના માળખાની વચ્ચેથી પસાર થાય છે કે તે અધિકારીને કેટલીક તકલીફ આવે છે. આ જ કારણસર અધિકારીઓ જોખમ લેવા માટે તૈયાર હોતા નથી. જુદા જુદા ક્ષેત્રોમાંથી આવેલા કુશળ અને નિષ્ણાંત લોકો ઝડપી લાવી શકે છે. સાથે સાથે સારા નિર્ણય કરવામાં મદદરૂપ બની શકે છે. આ નિષ્ણાંતો યોજનાઓને પહેલા કરતા અલગ રીતે અમલી કરવાની દિશામાં કામ કરી શકે છે.

જુદા જુદા મંત્રાલયમાં નવ પ્રોફેશનલોની સંયુક્ત સચિવ તરીકે સરકારે કરેલી વરણી

કરોડપતિને વધુ ટિકિટ મળી

ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસની વિચારધારા મુડવાદને લઈને બિલકુલ સ્પષ્ટ છે. આંકડા પરથી આ વાત કહી શકાય છે. ભાજપે બાવન અને કોંગ્રેસે ૪૨ ટકા કરોડપતિને ટિકિટ આપી દીધી છે. આવી સ્થિતીમાં રાજકીય પક્ષો પાસેથી સારા દેખાવ અને પારદર્શકતાની આશા કઈ રીતે કરી શકીએ છીએ. હવે આધુનિક સમયમાં ચૂંટણી એ વ્યક્તિ લડી શકે છે જેની પાસે પુરતા પ્રમાણમાં પૈસા છે. ગ્લેમર છે. સાથે સાથે અપરાધિક રેકોર્ડ પણ છે. વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં આવી જ સ્થિતી જોવા મળી રહી છે. પાર્ટીના નિષ્ઠાવાન કાર્યકરો અને નેતાઓ સંઘર્ષ કરવા માટે કોઈ પણ સ્થિતમાં તૈયાર રહે છે. હાલની સ્થિતીમાં ફિલ્મી કલાકારો અને અપરાધીઓની સ્થિતી વધારે સારી છે. બે કલાકમાં પાર્ટીમાં સામેલ થઈ રહેલા લોકોને ટિકિટ આપવામાં આવી રહી છે. કેટલાક લોકોનો સવાલ એ છે કે અમે મતદાન કેમ કરીએ. અપરાધી અને ધનપશુ ચૂંટી કાઢવા માટે મતદાન કેમ કરવામાં આવે. ચૂંટણી પંચ આ મામલે સક્રિય કેમ દેખાતુ નથી. અમારા દેશમાં કોઈ પણ કેસનો નિકાલ આવવામાં તો વર્ષો લાગી જાય છે. આવી સ્થિતીમાં તો અપરાધીઓની સમગ્ર પેઢી સંસદમાં પહોંચી જાય છે. અમે કેવા પ્રકારની લોકશાહીનુ નિર્માણ કરી રહ્યા છીએ. જ્યાં કોઈ નિતી કે રિતી દેખાતી નથી. ગ્લેમરથી સત્તા મળી શકે છે પરંતુ પારદર્શી લોકશાહી માટેની આશા કરી શકાય નહીં. પોતાને આદર્શવાદી પાર્ટી ગણાવતી ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ આ મામલે બિલકુલ એક સાથે નજરે પડે છે. રાજનીતિના અપરાધિકરણને રોકવા માટે જુદા જુદા પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે.

લોકસભા ચૂંટણી : કલંકિત, બળવાખોરો અને અમીરોની બોલબાલા

રાજનીતિમાં અપરાધીની સંખ્યા વધી



સત્તારૂઢ અને વિરોધ પક્ષોએ અપરાધીઓ માટેના દરવાજા ખોલી દીધા છે : કરોડો રૂપિયા ડોનેશન તરીકે લઈને ટિકિટ આપવામાં આવે છે

રાજનીતિનુ અપરાધિકરણ વર્ષોથી ચર્ચાનો વિષય રહ્યો છે. લોકશાહી વ્યવસ્થામાં તે સૌથી મોટા કલંક તરીકે છે. ચારિત્રિક રાજનીતિમાં તે અશુભ સંકેત તરીકે પણ છે. રાજનીતિમાં સતત કલંકિત, બળવાખોરો અને અમીર લોકોની બોલબાલા રહી છે. અપરાધિ રેકોર્ડ ધરાવતા લોકોની પણ બોલબાલા રહી છે. ચૂંટણી સુધારા માટે કામ કરનાર સંસ્થા એડીઆરના રિપોર્ટમાં ફરી એકવાર ચોંકાવનારી બાબતો રજૂ કરવામાં આવી છે. આ મામલો ક્યારેય પણ અમારી સંસદના અવાજ તરીકે રહ્યો નથી. સત્તામાં રહેનાર પાર્ટી અને વિરોધ પક્ષમાં રહેનાર પાર્ટીઓએ હમેંશા અપરાધિઓ માટે તેમના દરવાજા ખુલ્લા રાખ્યા છે. કરોડો રૂપિયા ચૂંટણી ડોનેશન તરીકે લઈને ટિકિટ આપવામાં આવે છે. ત્યારબાદ સંસદમાં પહોંચી જનાર આ પ્રકારના લોકો પાસેથી સારા દેખાવની અપેક્ષા કરી શકાય નહીં. આજે સામાન્ય માનવી ચૂંટણી લડવાની સ્થિતીમાં નથી. ખુબ નીચેના સ્તર સુધી પહોંચી ગયેલી રાજનીતિમાં તે તેની કલ્પના પણ કરી શકે તેમ નથી. કહેવા માટે તો તે લોકશાહી વ્યવસ્થામાં એક ભાગીદારી તરીકે છે પરંતુ જમીની વાસ્તવિકતા એ છે કે સંસદમાં પહોંચી ગયેલા ૮૦ ટકા સાંસદ કરોડપતિ છે. લોકશાહીમાં ભૂમિકા અદા કરનાર સામાન્ય વ્યક્તિ આજે પણ નીચલા સ્તર પણ છે. અપરાધિક રેકોર્ડની સાથે સાથે ધનપશુ નેતા બની રહ્યા છે. રાજનીતિ હવે જનસેવાના બદલે વેપાર બની ગઈ છે. રાજનેતાઓની સંપત્તિ પાંચ વર્ષમાં અનેક ગણી વધી રહી છે. ચૂંટણીમાં રાજનેતા ગરીબી દુર કરવાની વાતો તો કરે છે પરંતુ ગરીબની સ્થિતીમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી. જ્યારે રાજનેતાઓની સંપત્તિ રેકોર્ડ ગતિથી આગળ વધે છે. ૧૭મી લોકસભા માટે હવે મતદાન થઈ રહ્યુ છે. કમનસીબ બાબત એ છે કે રાજનીતિમાં અપરાધિકરણને રોકવા માટે કોઈ પ્રયાસ સ્વતંત્રતા બાદ અસરકારક રીતે કરવામાં આવ્યા નથી. મતદાન કરનાર લોકો પણ જાતિ, ધર્મ અને સમ્પ્રદાયમાં વિભાજિત થઈ ગયા છે. મતદારોનુ ધ્યાન વાસ્તવિક સમસ્યાથી દુર કરી દેવામાં આવ્યુ છે. દેશના ૬૦ટકા મતદારો નવી વિચારધારા ધરાવે છે. તે મત આપતા પહેલા પોતાના વિસ્તારના નેતાને કોઈ પ્રશ્ન કરતા નથી. રાજકીય પક્ષો તરફથી મેદાનમાં ઉતારી દેવામાં આવતા ઉમેદવારને મતદારો કેમ સ્વીકારી લે છે. આ જ કારણસર અપરાધિક રેકોર્ડ ધરાવનાર લોકો સંસદમાં પહોંચી જાય છે. ચૂંટણી પંચની જવાબદારીની સાથે સાથે સામાન્ય મતદારોની પણ કેટલીક જવાબદારી બની જાય છે. દાગી, કલંકિત અને અપરાધિક ઉમેદવાર જીતીને પણ ક્યા આદર્શ કામ કરનાર છે. અમારા લોકો તેમની પાસથી કઈ અપેક્ષા રાખી શકે છે. ચૂંટણી સુધારા માટે કામ કરનાર સંસ્થા એડીઆરનો હેવાલ ખુબ ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૪માં સંસદમાં પહોંચી ગયેલા ૮૩ ટકા સાંસદ કરોડપતિ હતા. દરેક ત્રીજા સાંસદ પર અપરાધિક રેકોર્ડ રહેલા છે. જ્યારે ૩૩ ટકા તો માનનીય દાગી છે. ૫૪૩ સાંસદો પૈકી એડીઆર દ્વારા ૫૨૧ ઉમેદવારોના મામલે અભ્યાસની પ્રક્રિયા હાથ ધરી છે. એડીઆરમાં જે વાત કરવામાં આવી છે તે કોઈ કલ્પના નથી પરંતુ આંકડા સાથે વિગત છે. આ રિપોર્ટ ઉમેદવારો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધાર પર છે. જે લોકશાહીમાં અમે પારદર્શિકતા અને સુશાસનની વાત કરતા રહીએ છીએ તેમાં વાસ્તવિક ચહેરા કઈ અલગ વાત કરે છે. રાજકીય પક્ષો ચૂંટણી જીતવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે. વર્ષ ૨૦૧૪માં સંસદની ગરિમા વધારનાર નેતાઓમાં ૪૩૦ કરોડપતિ છે. તેમની સરેરાશ સંપત્તિ ૧૫ કરોડની આસપાસ છે. ૩૨ સાંસદ એવા છે જેમની પાસે ૫૦ કરોડથી વધારેની સંપત્તિ છે. ૫૪૩ સાંસદો પૈકી માત્ર બે સુદામા છે. જેમની પાસે પાંચ લાખ રૂપિયાની સંપત્તિ છે. ૩૩ ટકા સાંસદ અથવા તો ૧૦૬ની સામે અપરાધિક કેસ છે. દસની સામે હત્યાના આરોપ છે. જ્યારે ૧૪ની સામે હત્યાના પ્રયાસના આરોપ છે. ૧૪ સાંસદો પર શાંતિપૂર્ણ માહોલ ખરાબ કરવાના આરોપ છે. રાજનીતિમાં મુડીવાદનુ પ્રભુત્વ વધી રહ્યુ છે. જે અપરાધિકરણ કરતા પણ વધારે ચિંતાજનક બાબત છે. ચૂંટણી દરમિયાન ગરીબી દુર કરવાના દાવા કરવામાં આવે છે. પરંતુ કેટલીક વાસ્તવિકતા જુદી રહેલી છે. રિપોર્ટ મુજબ ભાજપ પ્રમુખ અમિત શાહની સંપત્તિ સા વર્ષમાં ત્રણ ગણી વધી ગઈ હતી. જ્યારે રાહુલ ગાંધીની સંપત્તિ દસ વર્ષમાં દસ ગણી થઈ ગઈ છે.

લોકસભા ચૂંટણી : ગઠબંધનના કારણે ભાજપને નુકસાન થઈ શકે...

ઉત્તરપ્રદેશમાં ભાજપ સામે પડકારો



ઉત્તરપ્રદેશમાં મોદી લહેરનો સામનો કરવા દલિત-યાદવ મતોને પોતાની તરફેણમાં કરવા ગઠબંધનના બનતા તમામ પ્રયાસો જારી છે

લોકસભા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદથી તમામ મોટા રાજકીય પક્ષોની નજર ઉત્તરપ્રદેશ પર કેન્દ્રિત થઈ ગઈ છે. કેન્દ્રમાં સરકાર કોની બનશે તેમાં હમેંશા ઉત્તરપ્રદેશની ભૂમિકા નિર્ણાયક રહે છે. કારણ કે અહીં લોકસભાની સૌથી વધારે ૮૦ સીટો રહેલી છે. આ ૮૦ સીટો પૈકી મોટા ભાગની સીટો કબજે કરવા માટે ભાજપ-એનડીએના સાથી પક્ષો તેમજ બીજી બાજુ સમાજવાદી પાર્ટી-બહુજન સમાજવાદી પાર્ટી ગઠબંધને તમામ તાકાત લગાવી દીધી છે. ઉત્તરપ્રદેશના રાજકીય ઇતિહાસમાં હમેંશા એકબીજાની સામે રહેલા સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ મોદીની વધતી તાકાતને રોકવા માટે હાથ મિલાવી લીધા છે. આવી સ્થિતીમાં ભાજપની સામે મોટી સમસ્યા આવી શકે છે. ગઠબંધન કરવામાં આવ્યા બાદ કોણ કેટલી સીટો પર બાજી મારશે તે અંગે કહેવુ મુશ્કેલ છે પરંતુ ભારતીય જનતા પાર્ટીને ચોક્કસપણે નુકસાન થશે.સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીએ સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યા બાદ જાણકાર રાજકીય પંડિતો કહે છે કે યુપીમાં સપા અને બસપાની વચ્ચે ગઠબંધનના પરિણામ માત્ર સીટોની હાર જીત સુધી જ મર્યાદિત રહેનાર નથી બલ્કે આ પરિણામથી જે સંદેશા નિકળશે તેનાથી દેશમાં ભવિષ્યની રાજનીતિ પણ નક્કી થનાર છે. હકીકતમાં આ ગઠબંધનની પણ પરીક્ષા લોકસભાની ચૂંટણીમાં થનાર છે. દેશની બે મોટી વોટ બેંક કઈ રીતે એકબીજાની સાથે આવી શકે છે તે બાબત પર નજર રહેશે. તેમની સાથે આવવાથી કેવી પ્રતિક્રિયા આવે છે તે બાબત ઉપયોગી રહેશે. જે લોકોને યુપીમાં ૨૦૧૭ની ચૂંટણીના પરિણામ યાદ છે તે સારી રીતે કેટલીક બાબતોને જાણે છે. આ લોકોને બસપના વડા માયાવતીના ડીએમ એટલે કે દલિત અને મુસ્લિમ દાવ પણ યાદ હશે. માયાવતી દલિત અને મુસ્લિમ સમીકરણના સહારે ૨૦૧૭માં મોદી લહેરને રોકવા માટે ઈચ્છુક હતી. તેમનુ કહેવુ હતુ કે જો ૨૩ ટકા દલિત અને ૧૮ ટકા મુસ્લિમ એક સાથે આવી જશે તો ત્યારબાદ ૪૧ ટકા લવોટ મારફતે તેમની સરકાર બનાવવાથી કોઈ તેમને રોકી શકે તેમ નથી. જો કે માયાવતીના સમીકરણ ફ્લોપ સાબિત થયા હતા. આનુ એક કારણ એ હતુ કે સમાજવાદી પાર્ટી પણ બસપની સામે ચૂંટણી લડી રહી હતી. જેના કારણે મુસ્લિમ મતદારો પૈકી એક મોટો હિસ્સો સપાની સાથે જતો રહ્યો હતો. દલિત વોટને પણ સંગઠિત રાખવામાં માયાવતીને સફળતા મળી ન હતી. જો કે આ વખતે સ્થિતી બદલાઈ રહી છે. વર્ષ ૨૦૧૭માં પરિણામ મળ્યા બાદ માયાવતીને સમજાઈ ગયુ હતુકે ડીએમની સફળતા સપા અને બસપા એક સાથે નહીં આવે તો હાથ લાગશે નહીં. ત્યારબાદ ગોરખપુર, ફુલપુર અને કેરાનામાં બંને સાથે થઈ ગયા હતા. જેના કારણે સફળતા હાથ લાગી હતી. અખિલેશ યાદવ પણ કહી ચુક્યા છે કે ભાજપના અહંકારને તોડવા માટે સપા અને બસપા સાથે આવે તે જરૂરી છે. બસપના વડા એમ કહી રહ્યા છે કે આ સમજુતી માત્ર લોકસભા ચૂંટણી સુધી મર્યાદિત નથી. વિધાનસભા ચૂંટણી સુધી જારી રહેશે તો આની પાછળ માયાવતી ગઠબંધન મારફતે તૈયાર થઈ રહેલી વોટબેંકને પણ જોઈ રહ્યા છે. દલિત-મુસ્લિમ યાદવ બેઝની સાથે સાથે અતિ પછાત જાતિઓ પણ સાથે આવી શકે છે. આ વોટ બેંક મારફતે માયાવતી અને અખિલેશ યાદવને માત્ર યુપીમાં જ મોદી લહેરને રોકવા માટેની આશા દેખાઈ રહી નથી બલ્કે આ સમીકરણના સહારે અન્ય રાજ્યમાં પણ સફળતા મળવાની આશા છે. આમાં કોઈ શંકા નથી કે જો યુપીમાં સપા-બસપા સાથે આવીને સફળતા મેળવી લેશે તો નજીકના ભવિષ્યમાં દેશમાં રાજનીતિ પણ બદલાઈ જશે. જો કે માયાવતી પોતાના અનિશ્ચિત વ્યવહારના કારણે ઓળખાય છે. આવા ગઠબંધન લાંબા ચાલશે કે કેમ તેને લઈને શંકા રહેલી છે. જો આ ગઠબંધનના કારણે લાંબા ગાળાના લાભ મળશે તો કોઈ ગઠબંધનને તોડવા માટે ઈચ્છુક રહેશે નહીં. દલિત-મુસ્લિમ સમીકરણ સફળ રહેવાની સ્થિતીમાં ભાજપ માટે મુશ્કેલી વધી જશે. સાથે સાથે કોંગ્રેસ માટે પણ વધારે મુશ્કેલી ઉભી થશે. તેના માટે મુખ્ય વિરોધ પક્ષ તરીકે રહેવાની બાબત પણ મુશ્કેલરૂપ બની જશે. જો કે આ ગઠબંધન ફ્લોપ જશે તો તેની અસર પોલિટિક્સ પર થશે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને જે રીતે સફળતા મળી હતી તેની પાછળ પણ કારણ એ રહ્યુ હતુ કે દલિત વોટ બેંક પૈકી એક મોટો હિસ્સો તેની સાથે આવી ગયો હતો. વર્ષ ૨૦૧૯ની લડાઈ તેના માટે વધારે સરળ દેખાઈ રહી છે. દલિત વોટ બેંક ભાજપની સાથે જવા માટેના કેટલાક કારણો પૈકી એક કારણ એ પણ હતુ કે તેમનામાં પોતાના હિન્દુ હોવાની ભાવના જાગી હતી. જો કે કેન્દ્રમાં ભાજપ સરકાર આવ્યા બાદ દેશના કેટલાક ભાગોમાં દલિત પર હુમલા કરવામાં આવ્યા હતા. જેના કારણે ભાજપ પ્રત્યે દલિતોની નારાજગી જોવા મળી હતી. દલિતોને લાગવા લાગી ગયુ હતુ કે ભાજપ તેમની સ્વાભાવિક પાર્ટી હોઈ શકે નહીં. ભાજપને સારી રીતે માહિતી છે કે દલિત વોટને તેની છાવણીમાંથી જતા રહેવાની સ્થિતીમાં તેને ફટકો પડી શકે છે. કેન્દ્રમાં સરકાર બનાવવા માટે યુપીમાં મોટી જીત જરૂરી છે.

સરકારી અને ખાનગી બંને સેક્ટરની બેંકો સામે અનેક પડકારો...

બેકિંગ ક્ષેત્ર સામે અનેક પડકારો છે



જયેશ એ કહ્યું કે પ્રેમના સંબંધમાં તો કેવી આચારસંહિતા? ત્યારે રીમાએ હસીને કહ્યું કે હું મતદાન જાગૃતિ કાર્યક્રમમાં વ્યસ્ત હોવાને કારણે ચૂંટણી સુધી તારી સાથે મોબાઈલ પર લાંબો સમય વાત નહીં કરી શકું કે સાથે બેસીને બહુ પ્રેમની વાત નહીં કરી શકીએ કેમ કે હું રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં જોડાયેલી હોઈશ. ભારતની ભાવિ પેઢીના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણના કાર્યમાં જોડાયેલી હોઈશ. આ સાંભળીને જયેશ ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો કે સારું છે કે પાંચ વર્ષે લોકસભાની ચૂંટણી આવે છે અને આ વખતે તો સ્થિર સરકાર પણ હતી નહીતર તો પ્રેમમાં મારે તો વારંવાર આચારસંહિતાનો સામનો કરવો પડત. જયેશ સાથે થોડી વાતચીત કરી રીમા પોતાનું કામ કરવા માટે નીકળી પડે છે અને પોતાની સાથે થોડાક યુવક યુવતીઓને લઈ નજીકની સોસાયટીમાં જાય છે અને સોસાયટીના ઘરે ઘરે ફરી તમામ લોકોને રાષ્ટ્રહિતમાં મતદાન કરવા માટે અપીલ કરી રહી છે. સોસાયટીના ચોગાનમાં રીમા બધા લોકોને એકઠા કરે છે અને ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક, ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા વગર રાષ્ટ્રહિતમાં મતદાન કરવા માટે અપીલ કરે છે. રીમા તમામ મતદારોને સંકલ્પ લેવડાવે છે કે, "હું, ભારતનો નાગરિક, લોકશાહી તંત્રમાં – નિરંતર શ્રદ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઉં છું કે હું મારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાય તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરિમા જાળવીશ તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા વગર રાષ્ટ્રહિતમાં મતદાન કરીશ." થોડા દિવસોમાં જ રીમાની સાથે અનેક યુવક-યુવતીઓ જોડાઈ છે અને મતદાન જાગૃતિના આ ઉમદા કાર્યમાં લાગી જાય છે. આ દરમ્યાન શૈલેશ નામનો યુવક રીમાને મળે છે અને કહે છે કે, આ વખતની ચુટણીમાં મને તો એક પણ મત આપવા જેવો સારો ઉમેદવાર લાગતો ન હોવાથી હું મત આપવા માટે જવાનો નથી ત્યારે રીમાએ શૈલેશને સમજાવતા જણાવ્યુ કે, ચુંટણીમાં જે ઉમેદવારો ઉભા રહ્યા હોય તેમાથી શ્રેષ્ઠ લાગે તેને મત આપવો જોઈએ. શૈલેશે રીમાને ફરી પ્રશ્ન કર્યો કે તમે મતદાન જાગૃતિ અભિયાન ચલાવી રહ્યા છો તો તમે જ મને એ જણાવો કે હું ક્યાં મુદ્દાઓ ધ્યાનમાં રાખીને મતદાન કરૂ ત્યારે રીમાએ કહ્યું કે તમારે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ સંસ્કૃતિક સંવર્ધન, કાશી નગરનો કાયાકલ્પ, એક ભારત શ્રેષ્ઠ ભારત, ગો સેવા, વિદેશ નીતિ, જમ્મુ કાશ્મીરનો પ્રશ્ન, મહાપુરુષોનું સન્માન, રાષ્ટ્રીય સુરક્ષા, આંતરિક સુરક્ષા, નક્સલ પ્રભાવિત પ્રદેશોમાં પણ થયેલ વિકાસ, એન.જી.ઓ ને મળતી વિદેશી આર્થિક સહાયતા પર હવે રોક, શ્રી રામ મંદિર નિર્માણ, રાષ્ટ્રની એકતા જેવા વિષયો ને ધ્યાનમાં રાખીને અવશ્ય મતદાન કરવુ જોઈએ. આ સાંભળીને શૈલેશે હસતા મોઢે કહ્યુ કે, રીમાબહેન હું આ વખતની લોકસભાની ચુટણીમાં દેશહિતમાં અવશ્ય મતદાન કરીશ અને મારા પાડીશો તથા મારા સંપર્કિત તમામ લોકોને રાષ્ટ્રહીતમાં મતદાન કરાવીશ. રીમાની મહેનત રંગ લાવે છે અને જે લોકો મત આપવા જવાની ના પડી રહ્યા છે તેવા લોકો પણ દેશના સૌથી મોટા તહેવાર એવા ચુંટણી મહાપર્વમાં મતાધીતાકારનો ઉપયોગ કરવા અને સો ટકા મતદાન માટે જાગૃત થઈ રહ્યા છે. રીમા મતદારાની વચ્ચે રહીને મતદાન જાગૃતિ અભિયાન ચલાવી રહી હોવાથી પ્રેમી જયેશ સાથે અનેક દિવસ સુધી વાત પણ કરી શકતી નથી. જેથી જયેશ ખુબ વ્યાકુળ બની જાય છે અને રીમાને ખુબ જ યાદ કરી રહ્યો છે. લોકસભાની ચુટણીના એક અઠવાડીયા પહેલા જ્યારે જયેશ રીમાને ફોન કરે છે અને પ્રેમની વાતો કરવાનો પ્રયાસ કરે છે ત્યારે રીમા જયેશને સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, હું અત્યારે રાષ્ટ્ર નિર્માણના ચુંટણી મહાપર્વમાં વ્યસ્ત છુ અને તું પહેલા દેશ હિતમાં મતદાન કર પછી કરીશુ પ્રેમની વાત. રીમાના આ શબ્દો કે "પહેલા રાષ્ટ્ર અને પછી પ્રેમ" સાંભળીને જયેશ પણ ખુબ પ્રભાવીત થાય છે અને પોતાના વ્યવસાયની ચિંતા કર્યા વગર મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાઇ જાય છે. (સત્ય ઘટનાથી પ્રેરીત, નામ બદલેલ છે)

વર્લ્ડકપ માટેની ટીમઃ નવી બોટલમાં જૂનો દારુ

લોકસભાની ચૂંટણી પતે કે તરત જ શરૂ થનારા ક્રિકેટ વર્લ્ડકપ માટેની ભારતની ટીમ આખરે જાહેર થઈ ગઈ. લોકસભાની ચૂંટણીનો માહોલ બરાબર જામતો નથી ને તેમાં કંઈ ભલીવાર આવે એવું લાગતું નથી તેથી લોકોને તેમાં બહુ રસ નથી. બીજી તરફ ઈંગ્લેન્ડમાં યોજાનારો વન ડે મેચોનો વર્લ્ડકપ દર ચાર વર્ષે યોજાય છે તેથી તેનું મહાત્મ્ય કમ સે કમ ક્રિકેટ રસિયાઓ માટે કુંભ મેળા કરતાં વધારે જ છે. આ ક્રિકેટના કુંભમેળામાં ભારત વતી કોને કોને ચીપિયા ખખડાવવા મળે છે એ જાણવાની ઈંતેજારી બધા ક્રિકેટ રસિયાઓમાં હતી, પણ તેમાંય ઝાઝો ભલીવાર આવ્યો નથી.

રાષ્ટ્રીય પસંદગીકારોએ એ જ છાપેલાં કાટલાં જેવા ખેલાડીઓને પસંદ કરીને ટીમ જાહેર કરી દીધી છે. પસંદગીકારોએ નવી બોટલમાં જૂનો દારૂ ભરીને લોકો સામે મૂકી દીધો છે એમ કહીએ તો પણ ચાલે. ટીમમાં અડધોઅડધ કરતાં વધારે ખેલાડીઓ તો એવા જ છે કે, જેમને આંખો મીચીને ટીમમાં લઈ લેવાશે એ પહેલેથી નક્કી હતું. વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની, રોહિત શર્મા, શિખર ધવન, જસપ્રિત બૂમરાહ, ભુવનેશ્વર કુમાર, યુઝવેન્દ્ર ચહલ ને કુલદીપ યાદવ એ આઠ ખેલાડી ટીમમાં હશે જ એ પહેલેથી નક્કી હતું.

આ ખેલાડીઓમાં મોટા ભાગના ખેલાડી એવા છે કે, જેમને સો ટકા ટીમમાં લેવા પડે પણ ત્યાં પણ બોગસિયા તો છે જ. ખાસ કરીને જૂના દેખાવના જોરે ટીમમાં આવી ગયા હોય એવા નમૂના તેમાં પણ છે. બાકી રહેલા ખેલાડીઓમાંથી અડધોઅડધ ખેલાડી પાછા એવા છે કે જે પોતાના દમ પર ટીમમાં નથી આવ્યા પણ ધરાર લાગવગશાહીના જોરે ટીમમાં ઘૂસ્યા છે. તકલીફ એ જોઈને થાય કે, તેમના કારણે ઘણા સારા કહેવાય એવા ખેલાડીઓએ બહાર રહેવું પડ્યું છે.

વિરાટ કોહલી કેપ્ટન છે ને મહેન્દ્રસિંહ ધોની વિકેટકીપર છે તેથી એ બંને ટીમમાં હોય જ ને તેમની પસંદગી વિશે કોઈ શંકા નથી. વિરાટ કોહલી બેટ્સમેન તરીકે અવ્વલ દરજ્જાનો છે ને દુનિયામાં અત્યારે તેની હેડીનો કોઈ બેટ્સમેન છે જ નહીં તેથી તેને ટીમમાં લેવા સામે કોઈ સવાલ જ ના થાય. કોહલી પાસે જબરદસ્ત માનસિક તાકાત છે ને ચેલેન્જ હોય ત્યારે એ વધારે ખિલે છે. કોહલીને ભારતીય ક્રિકેટ ઈતિહાસનો શ્રેષ્ઠ વન ડે બેટ્સમેન તરીકે સ્વીકારવો પડે એવી જબરદસ્ત બેટિંગ કોહલીએ કરી છે. કોહલીએ ઊંચા સ્કોર ચેઝ કરીને ભારતને જેટલી મેચો જીતાડી છે એટલી મેચો બીજે કોઈ ખેલાડીએ નથી જીતાડી. સચિન તેંડુલકરને ભારતીય ક્રિકેટમાં મહાનતમ બેટ્સમેન તરીકે બધાં સ્વીકારે, છે પણ વનડે મેચોમાં કોહલી સચિન કરતાં પણ ચડિયાતો સાબિત થયો છે.

કોહલીની જેમ ધોનીનો પણ વિકલ્પ નથી. ધોની ઘરડો થયો છે તેની અસર તેની બેટિંગ પર પડી છે એ કબૂલવું પડે પણ તેનું વિકેટકિપિંગ હજુય આલા ગ્રાન્ડ છે. ભારતીય ક્રિકેટ પાસે અત્યારે પણ કોહલીનો વિકલ્પ નથી. આપણી પાસે અત્યારે જે વિકેટકીપરોનો ફાલ છે તેમાંથી મોટા ભાગના લચ્છા મારીને ટીમને હરાવે એવા છે. આપણે કોઈનું નામ લઈને નકામો કકળાટ નથી કરવો પણ તેમની સરખામણીમાં ધોની હજુય વધારે ચપળ છે. ધોનીની વધારાની ખાસિયત તેની સ્માર્ટનેસ છે. વિકેટ કીપર તરીકે ધોની ક્યારેક એવા ચમકારા બતાવે છે કે જે જોઈને આફરીન થઈ જવાય. બીજો કોઈ વિકેટકીપર આવું કરી જ ના શકે એમ માનવું પડે એવાં પરાક્રમ ધોની કરે છે એ જોતાં વિકેટકીપર તરીકે ટીમમાં તેને જ લેવો પડે.

જસપ્રિત બૂમરાહ, ભુવનેશ્વર કુમાર, યુઝવેન્દ્ર ચહલ ને કુલદીપ યાદવ એ ચારેય બોલરો પણ ટીમમાં સ્થાનના હકદાર છે જ. બૂમરાહ કે ભુવનેશ્વર બહુ મહાન બોલરો નથી. તેમની પાસે એવી જબરદસ્ત ઝડપ પણ નથી પણ બંને જોરદાર સ્માર્ટ બોલર્સ છે.

ભુવનેશ્વર તો બહુ સ્પીડ નહીં હોવા છતાં જે રીતે બોલને સ્વિંગ કરે છે એ જોઈને દંગ રહી જવાય. સારી પિચ મળે તો ભુવનેશ્વર કેવો કાળો કેર વર્તાવી શકે છે એ આપણે બહુ વાર જોયું છે. જસપ્રિત બૂમરાહ તો ભુવનેશ્વર કરતાં પણ વધારે ઘાતક છે. ભુવનેશ્વર તો ક્યારેક પણ ઝૂડાય, જસપ્રિત તો નહીં ઝૂડાય તેની ગેરંટી હોય છે.

ગ્લેન મેકગ્રા પાસે બહુ સ્પીડ નહોતી પણ તેના જેવો લાઈન ને લેંથ પર જબરદસ્ત કાબૂ હોય તેવો બોલર ક્રિકેટના ઈતિહાસમાં નથી આવ્યો. મેકગ્રા માપી માપીને એવા બોલ નાખતો કે, બેટ્સમેન ચસકી જ ના શકે. બહુ જોર કરીને બે-ચાર શોટ ઠોકી દે તો પણ છેવટે મેકગ્રા તેને લપેટી જ લે. બૂમરાહ મેકગ્રાની આધુનિક આવૃત્તિ છે. આ વર્લ્ડકપ ઈંગ્લેન્ડમાં રમાવાનો છે એટલે બૂમરાહ ને ભુવનેશ્વર બંને માટે તો એકદમ અનુકૂળ આવે એવો માહોલ છે એ જોતાં તેમની પસંદગીમાં વાંધો લેવા જેવું કશું નથી.

આ જ હાલત કુલદીપ યાદવ ને યુઝવેન્દ્ર ચહલની પસંદગીમાં છે. બંને અલગ અલગ પ્રકારની બોલિંગ નાખે છે એ મુખ્ય ફાયદો છે. આપણી પાસે સ્પિનરો ઘણા છે પણ તેમની પાસે એક્યુરસી નથી, વેરિયેશન પણ નથી. યુઝવેન્દ્ર અને કુલદીપ બંને પાસે વેરિયેશન છે. આ બંનેમાં પણ કુલદીપ વધારે ઘાતક છે ને બધી વિકેટો પર ચાલે છે. ઈંગ્લેન્ડમાં ફાસ્ટ બોલરોને વધારે ફાયદો મળે એવી પિચ હોય છે પણ ત્યાંય સ્માર્ટ સ્પિનરો તો ચાલતા જ હોય છે. શેન વોર્ન જેવા સ્પિનરોએ ત્યાં એકલા હાથે વિરોધી ટીમોને ધરાશાયી કરીને વર્લ્ડકપ જીતાડેલા છે. ચહલ અને યાદવ બંને પાસે એ ક્ષમતા છે એ જોતાં તેમની પસંદગી બરાબર છે. જો કે, ટીમમાં જેમનાં સ્થાન પહેલેથી પાકાં હતાં એ રોહિત શર્મા ને શિખર ધવન વિશે એવું કહી શકાય એમ નથી. બંનેની ગણના ભારતના શ્રેષ્ઠ ઓપનરોમાં થાય છે પણ બંનેમાં સાતત્યનો અભાવ છે. બંને એવા છે કે, રમે ત્યારે રનના ઢગલા કરી નાખે પણ એવા દાડા વરસમાં બે-ચાર વાર જ આવે છે. તેમાં પણ જ્યારે ખરાખરીનો ખેલ હોય ત્યારે તો બંને ના ચાલ્યા હોય એવું જ મોટા ભાગે બને. બંનેને જૂની પ્રતિષ્ઠાના આધારે ટીમમાં જગા મળી છે ને આશા રાખીએ કે, આ વખતે એ આખા વર્લ્ડકપમાં ચાલે. બંનેને ફરી વર્લ્ડકપમાં રમવાની તક મળે એવી શક્યતા ઓછી છે એ જોતાં છેલ્લે છેલ્લે પોતાનો બધો હિસાબ સરભર થઈ જવાય એવું રમીને ટીમને જીતાડીને જાય.

પસંદગીકારોએ બીજા જે ખેલાડીઓ પસંદ કર્યા છે તેમાં દિનેશ કાર્તિક, કેદાર જાધવ, વિજય શંકર, મોહમ્મદ શમી વગેરેની પસંદગી બરાબર છે. આ ચારેય ખેલાડી સુપરસ્ટાર્સ નથી, બલ્કે સ્ટાર કક્ષાના પણ ખેલાડી નથી પણ ભારે મહેનતું છે ને મર્યાદિત ટેલેન્ટ હોવા છતાં તેનો જોરદાર ઉપયોગ કરવાનું જાણે છે. દિનેશ કાર્તિક તો ટીમમાં ખાલી બેટ્સમેન તરીકે પણ રમાડી શકાય એવો ખેલાડી છે. ધોનીના કારણે તેની જવાની એળે ગઈ ને એ રમી ના શક્યો પણ તેનામાં પ્રેશરમાં બેટિંગ કરવાની જબરદસ્ત તાકાત છે. આપણી પાસે ફાસ્ટ બોલરોનો જે ફાલ છે તેમાં મોહમ્મદ શમી સૌથી સ્માર્ટ છે. ફાસ્ટ બોલિંગમાં શાર્દૂલ ઠાકુર, દીપક ચહર, ઈશાંત શર્મા, ઉમેશ યાદવ વગેરે બીજા વિકલ્પો છે પણ એ બધા બેફામ ઝૂડાય છે એ જોતાં શમીની પસંદગી બરાબર છે.

કેદાર જાધવ ને વિજય શંકર બંને ચોથા નંબરે બેટિંગ કરવા માટે યોગ્ય પસંદગી છે. અંબાતી રાયડુ, મનિષ પાંડે વગેરે બીજા વિકલ્પો છે પણ તેમના કરતાં આ બંને સારા છે. બંને સારી બેટિંગ તો કરે જ છે પણ બોલિંગ પણ સારી કરી લે છે. ખાલી પાર્ટ ટાઈમ બોલરો નથી પણ વિકેટો લેનારા બોલરો છે એ જોતાં તેમને લેવાયા તેમાં કશું ખોટું નથી. આ ટીમમાં સૌથી આશ્ચર્યજનક પસંદગી કે. એલ. રાહુલની છે. વિરાટ કોહલી સાથેની નિકટતાના કારણે રાહુલ ને હાર્દિક પંડ્યા બંને આવી ગયા છે. રવિન્દ્ર જાડેજાને ધોની સાથેની દોસ્તી ફળી છે. તેમના કારણ રીષભ પંત જેવો ધૂંઆધાર ખેલાડી બહાર રહી ગયો તેને અફસોસ થાય. પંત રિયલ ડેરડેવિલ છે ને કોઈનાથી ડર્યા વિના બોલરોની ધોલાઈ કરે છે એ જોતાં તેના જેવો એકાદ ખેલાડી ટીમમાં હોવો જોઈતો હતો.

જો કે, હવે ટીમ જાહેર થઈ ગઈ છે ને તેમાં કશો ફેરફાર થાય એમ નથી એ જોતાં જે ટીમ મળી છે તેનાથી જ ચલાવવું પડે. આ આપણી જ ટીમ છે એ જોતાં વાંધાવચકા કાઢવાનો પણ ઝાઝો અર્થ નથી. આ ટીમનો રેકોર્ડ ગમે તે હોય, આ વખતે એ બધા રેકોર્ડ તોડે ને વર્લ્ડકપ લઈને આવે એવી આશા રાખીએ.

ભારતીય વર્લ્ડ કપની ટીમમાં આ ત્રણ 'ગુજ્જુ' ખેલાડીઓનો સમાવેશ



મુંબઈ

ઈંગ્લેન્ડમાં અગામી મહિને શરૂ થનારા ક્રિકેટ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડીયાની જાહેરાત કરી દેવામાં આવી છે. ભારતીય ટીમ પસંદગીની સમિતીની મુંબઈમાં બેઠક યોજાઈ હતી. જેમાં અગામી ક્રિકેટ વર્લ્ડ કપ માટે ટીમની પસંદગી કરવામાં આવી છે. મહત્વની વાત એ છે કે, ત્રણ ગુજરાતી ખેલાડીઓનો વર્લ્ડકપની ટીમમાં સમાવેશ થયો છે.

જો સૌપ્રથમ ગુજરાતના ખેલાડીઓની વાત કરીએ તો, હાર્દિક પંડ્યા, જસપ્રિત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાને વર્લ્ડ કપની ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે. ઈંગ્લેન્ડમાં ૩૦ મેથી ૧૪ જુલાઈ દરમિયાન યોજાનારા ક્રિકેટના મહાકુંભ આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૯ માટે બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી છે

જેમાં ત્રણ ગુજરાતી ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે તેમાં જસપ્રિત જસબીરસિંહ બુમરાહનો જન્મ અમદાવાદમાં ૬ ડિસેમ્બર ૧૯૯૩ના રોજ થયો હતો. તે જમણા હાથનો ફાસ્ટ-મધ્યમ બેટ્સમેન છે, અને પોતાની બોલિંગ સ્ટાઈલથી પ્રસિદ્ધ છે. બુમરાહે ૪ એપ્રિલ ૨૦૧૩ના રોજ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિરુદ્ધ ૩/૩૨ લઈને, મુંબઈ ઈન્ડીયન્સ માટે એક સફળ ઈન્ડીયન પ્રિમીયર લીગની શરૂઆત કરી હતી. જન્યુઆરી ૨૦૧૬માં તે ઘાયલ મોહમ્મદ સમીની જગ્યાએ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધની શ્રેણી માટે ભારતની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ટીમમાં જોડવામાં આવ્યો. બુમરાહના કરિયરનો સર્વશ્રેષ્ઠ આંકડો ૬/૩૩ છે. તે ૨૦૧૮-૧૯ના કેલેન્ડર વર્ષમાં ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકામાં પાંચ વિકેટ લેવાવાળો પહેલો એશિયન બોલર બની ગયા

બીજો ખેલાડી છે રવિન્દ્ર અનિરુદ્ધ જાડેજા તેનો જન્મ સૌરાષ્ટ્રના નવાગમ ખેડમાં ૬ ડિસેમ્બર ૧૯૮૮ના રોજ થયો. તે પ્રથમ શ્રેણીના ક્રિકેટમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરે ચે. જાડેજા એક ડાભા હાથનો બેટ્સમેન છે. તે ધીમી ગતીએ પ્રાચિન શૈલીમાં બોલિંગ પણ કરે છે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની શરૂઆત ૮ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ કરી. તેણે ભાગ્યશાળી રહી ૬૦ રન ફટકાર્યા, જોકે ભારત મેચ હારી ગયું હતું. ૨૧ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ કટકમાં શ્રીલંકા વિરુદ્ધ ત્રીજી વન ડેમાં જાડેજાને ચાર વિકેટ લેવા માટે મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. તેનો સર્વશ્રેષ્ઠ બોલિંગનો આંકડો ૩૨/૪ છે.

ત્રીજો ખેલાડી છે હાર્દિક હિમાંશુ પંડ્યા, જે ભારતીય ક્રિકેટનો ઉભરતો સિતારો છે. હાર્દિકનો જન્મ ૧૧ ઓક્ટોબર ૧૯૯૩માં સૂરતમાં થયો હતો. હાર્દિક પંડ્યા જમણા હાથનો મધ્યમ ફાસ્ટ બોલર છે. તેમે પોતાના કરિયરની શરૂઆત ૨૬ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ટી૨૦ સાથે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ચેમ્પિયન ટ્રોફિ ૨૦૧૭માં પંડ્યાએ બોતાની બોલિંગથી પાકિસ્તાનના પ્લેયરોને મુશ્કેલીમાં મુકી દીધા હતા.

વોટ આપવાની અપીલ કરનારી આલિયા ભટ્ટ મતદાન કરી શકશે નહીં



મુંબઈ

હાલમાં લોકસભા ચૂંટણીનો માહોલ છે. એક મહિના પહેલાં પ્રધાનમંત્રી મોદીએ આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ, અનુષ્કા શર્મા જેવાં સેલિબ્રિટીઝને વોટ માટે પ્રેરિત કરતાં એક ટ્વિટક રી હતી. જેમાં તેમણે આવનારી ચૂંટણીમાં મોટી સંખ્યામાં લોકોને વોટ કરવા માટે આપીલ કરવા કહ્યું હતું.

આ ટ્વિટ હેઠળ આલિયા ભટ્ટે પણ ટ્વિટ કરીને લોકોને ઈલેક્શનમાં વોટ આપવા માટે અપીલ કરી હતી. જોકે આ આખી ઘટના બાદ આલિયા ભટ્ટ તેની ફિલ્મ 'કલંક'નાં પ્રમોટ કરવાં માટે આવી હતી તે સમયે તેને પુછવામાં આવ્યું કે, મતદાન શરૂ થઈ ગયુ છે તો નવી સરકારની પસંદગીમાં તેઓ શું યોગદાન આપશે.

જેનાં જવાબમાં વરૂણ ધવન, આદિત્ય રોય કપૂર અને સોનાક્ષી સિન્હાએ એક સાથે જવાબ આપ્યો કે તેઓ વોટ આપીને નવી સરકાર બનાવશે.

જ્યારે આલિયા ભટ્ટે કહ્યું કે, તે વોટ નથી કરી શકતી. કારણ કે તેની પાસે બ્રિટિશ પાસપોર્ટ છે. તેની પાસે ઈન્ડિયન પાસપોર્ટ નથી તે બ્રિટનની નાગરિક છે. આલિયા ભટ્ટની માતા સોની રાઝદાન બ્રિટિશ નાગરીક છે. આ કારણે આલિયાની પાસે ભારતનું નાગરિકત્વ નથી.

તારક મહેતા...'ના સ્ટાર્સની ફીમાં અધધધ.. વધારો થયો




મુંબઇ

કોમેડી સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' છેલ્લા કેટલાક વર્ષોથી ઓડિયન્સને એન્ટરટેન કરતી આવી છે. ઘણા ટાઈમથી શોની લીડ એક્ટ્રેસ દિશા વાકાણી પરત ફરશે કે નહીં તે અંગે ઘણી ચર્ચા ચાલી રહી છે, ત્યારે આ વચ્ચે શોને સ્ટાર્સને લઈને એક મોટા સમાચાર આવ્યા છે. એક રિપોર્ટ્સ અનુસાર, શોના કલાકારોની ફી વધારવામાં છે. આ સાથે જ શોના કલાકારો અન્ય પ્રોજેક્ટમાં પણ કામ કરી શકશે.

એક રિપોર્ટ અનુસાર, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સીરિયલના તમામ સ્ટાર્સની ફી વધારવામાં આવી છે. મેકર્સ એક્ટર્સને માસિક ઓછામાં ઓછા ૧.૫ લાખ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે. એક્ટર્સની ફી એ વાત પર આધાર રાખશે કે તેમણે કેટલા દિવસ સુધી શૂટિંગ કર્યું. પ્રતિ એપિસોડના આધારે ફી આપવામાં આવશે. શોમાં જેઠાલાલનો રોલ કરનારા દિલીપ જોષીને સૌથી વધુ ફી મળે છે. તેમની ફી લગભગ ૧.૫ લાખ રૂપિયા પ્રતિ એપિસોડ છે. શોમાંથી ગાયબ એક્ટ્રેસ દિશા વાકાણીને અત્યાર સુધી સૌથી વધુ ફી મળતી હતી. દિશા શોમાં હતી ત્યારે તેને પ્રતિ અઠવાડિયે ૧.૨ લાખ રૂપિયા ફી મળતી હતી.

તારક મહેતાનું પાત્ર ભજવતા એક્ટર શૈલેષ લોઢાને ૧ લાખ રૂપિયા પ્રતિ એપિસોડ આપવામાં આવે છે. ભીડેના પાત્રમાં દેખાતા મંદાર ચંદાવરકરને પ્રતિ એપિસોડ ૮૦ હજાર રૂપિયા, ડૉ. હાથી એટલે કે નિર્મલ સોનીને પ્રતિ એપિસોડ ૨૦-૨૫ હજાર રૂપિયા, અબ્દુલનું પાત્ર ભજવતા શરદ શાંક્લાને પ્રતિ એપિસોડ ૩૫-૪૦ હજાર રૂપિયા, ચંપક ચાચા બનતા અમિત ભટ્ટને એપિસોડ દીઠ ૭૦-૮૦ હજાર રૂપિયા, સાયન્ટિસ ઐયરનું પાત્ર ભજવતા તનુજ મહાશબ્દેને ૬૫-૮૦ હજાર રૂપિયા એપિસોડ દીઠ અને ..રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવતા એક્ટર ગુરુચરણ સિંહને ૬૫-૮૦ હજાર રૂપિયા પ્રતિ એપિસોડ મળે છે. ટપ્પુ સેના એટલે કે ચાઈલ્ડ એક્ટર્સને પ્રતિ એપિસોડ લગભગ ૨૦ હજાર રૂપિયા ફી આપવામાં આવે છે. શોમાં ટપ્પુનો રોલ કરતાં રાજ અનડકતને સૌથી ઓછી ફી ૧૦-૧૫ હજાર રૂપિયા મળે છે. જોકે, તે થોડા સમય પહેલા જ શોમાં જોડાયો છે.

ટીમ ઈન્ડિયા માટે ખરાબ સમાચાર, ધોની દુખાવાથી પીડાઈ રહ્યો છે



મુંબઈ

ઈંગ્લેન્ડમાં યોજાનારા ક્રિકેટ વર્લ્ડ કપ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત સોમવારે કરવામાં આવી છે. ટીમમાં વિકેટકીપર તરીકે એમએસ ધોનીને સામેલ કરવામાં આવ્યું છે પરંતુ તેની તબિયત પર શંકાના વાદળ ઘેરાયા છે. આઈપીએલ ૨૦૧૯માં છેલ્લી બે મેચમાં ધોની ફિટનેસને લઈ પરેશાન દેખાઈ રહ્યો છે. એવામાં ધોનીનું અનફિટ હોવું ટીમ ઈન્ડિયા માટે ખરાબ સમાચાર છે.

રાજસ્થાન રોયલ્સની વિરુદ્ધ ગુરુવારે રમાયેલી મેચમાં ધોનીને કેંપથી પીડાતો જોવા મળ્યો હતો. સતત બે-બે રન લીધા બાદ ધોનીને પગમાં તાણનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ તે મેદાન પર બેસી ગયો હતો. તેને ફિજિયોની મદદ લેવી પડી હતી. ફિજિયોથી માલિશ લીધા બાદ ધોની ઊભો થઈ શક્યો હતો. તેની અસર તેની બેટિંગ ઉપર પણ જોવા મળી હતી. તે ૨૦મી ઓવરમાં બોલ્ડ થઈ ગયો હતો. તેની આઉટ થવાની રીતથી લાગી રહ્યું હતું કે તે પૂરી રીતે ફિટ નથી અને આ કારણે તેનું બેટ ઝડપથી નીચે ન આવી શક્યું.

રવિવારે કોલકાતા નાઈટરાઈડર્સની વિરુદ્ધ માહી કમરના દુખાવાથી હેરાન થતો નજરે પડ્યો. આ મેચમાં પણ તેને ફિજિયોની મદદ લેવી પડી. મેચ પૂરી થયા બાદ પણ તે ટીમના સભ્યોની મદદથી ઊભો થતો જોવા મળ્યો. ઉલ્લેખનીય છે કે, ધોનીને પહેલા પણ કમરના દુખાવાનો સામનો કરવો પડ્યો હતો. ગયા વર્ષની આઈપીએલ સીઝનમાં પણ તેને આ સમસ્યા થઈ હતી.

વર્લ્ડકપનું આયોજન જૂનમાં થશે અને આઈપીએલ મે મહિનામાં પૂરી થઈ જશે. એવામાં આશા છે કે ધોની પોતાની ફિટનેસ સમસ્યાઓથી બહાર આવી જશે.

હું પણ યૌન શોષણનો શિકાર બની ચુકી છે : પ્રિયંકા ચોપડા



મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ પ્રિયંકા હાલમાં ન્યૂયોર્કમાં થયેલાં 10th Annual Women in the wrold summitમાં શામેલ થઈ. આ યૌન ઉત્પીડનને બોલતા પ્રિયંકા હાજર દર્સકોની સાથએ પોતાનો અનુભવ જણાવ્યો હતો. પ્રિયંકા ચોપરાને યૌન શોષણ અંગે પ્રશ્ન કરવામાં આવ્યો હતો. જેનાં જવાબમાં પ્રિયંકાએ સ્પષ્ટ રીતે ન આપ્યો તેણે સ્પષ્ટ કર્યું કે, આ (યૌન શોષણ) લગભગ બધાની સાથે થયું છે.

પ્રિયંકા ચોપરાાને જ્યારે તેની સાથે આવી કોઈ દૂર્ઘટના ઘટી છે કે નહીં તે અંગે પુછવામાં આવ્યું. તેણે પોતાનો હાથ ઉઠાવતા કહ્યં કે, #Metoo જેમ અભિયાન ચાલતા અમે પોતાની વાત કહી શકીયે છીએ. પોતાની કહાની કહેતા કહ્યું કે, દુનિયામાં આવી ઘટનાં ઝેલવા વાળી અમે એકલા છીએ.

પ્રિયંકાએ કોઈનું પણ નામ ન લેતા કહ્યું કે, 'આ રૂમમાં હાજર દરેક મહિલાની સાથે યૌન ઉત્પીડન થયુ છે. એવું લાગે છે કે, મહિલાઓની સાથે યૌન ઉત્પીડન શબ્દ જોડીને આવે છે. પહેલાં અમારી અવાજ દબાઈ જાય છે. પણ એકબીજાનાં સપોર્ટ કરવાને કારણે લોગ હમે ચૂપ નથી કરાવી શકતા આવું જોઈને હિંમત વધે છે.

પ્રિયંકાએ તેની સાથે બનેલી કોઈ ઘટના કે કિસ્સા વિશે જણાવ્યું નથી. જોકે તેણે જણાવ્યું કે, 'મારા મતે આ રૂમમાં બેઠેલી તમામ મહિલાઓ આમાંથી પસાર થઈ શકે છે. અમે હમેશાં અવાજ ઉઠાવીએ છીએ. બસ કોઈ સાંભળતું નથી. હવે મારી પાસે કોઈ કહાની છે તો મને લાગે છે કે હું એકલી નથી ન તો હું શરમિંદા છું

અર્જુન સાથે લગ્ન મામલો: આ બધી બકવાસ વાતોમાં નથી કોઈ સત્યતા : મલાઈકા



મુંબઈ

મલાઈકા અરોરા અને અર્જુન કપૂર તેમનાં લગ્નની ખબરોનું ખંડન કરી રહ્યાં છે. અત્યાર સુધી વાતો હતી કે અર્જુન અને મલાઈકા ૧૯ એપ્રિલનાં રોજ લગ્ન કરવા જઈ રહ્યાં છે. બંને ગોવામાં હિન્દુ અને ક્રિશ્ચિયન રીતિ રિવાજોથી લગ્ન કરસે. પણ મલાઈકાએ બોમ્બે ટાઈમ્સ સાથે વાત ચીતમાં જણાવ્યું કે, આ તમામ વાતો બકવાસ છે તેમાં કોઈ જ સત્યતા નથી.

અરબાઝ ખાન સાથે લગ્ન તુટ્યા બાદ મલાઈકા અને અર્જુનનાં સંબંધોની ખબર પાક્કી થઈ ગઈ. બંને થોડા દિવસ પહેલાં માલદિવમાં વેકેશન મનાવતા હોય તેમ પણ લાગ્લું. આપને જણાવી દઈએ કે અર્જુન- મલ્લાઈકની ઉંમરની વાત કરીએ તો. અ?જુનની ઉંમર ૩૩ વર્ષ છે જ્યારે મલાઈકાની ઉંમર ૪૫ વર્ષ છે.

મલાઈકાએ હાલમાં સોલમેટનો ઉલ્લેખ કર્યો તો. ગત દિવસોમાં તેણે તેનાં ઈન્સ્ટાગ્રામની વોલ પર એક સ્ટોરી મુકી હતી જેમાં લખ્યુ હતું કે, 'સોલમેટ, એક એવી વ્યક્તિ જેને આપ મળવાની સાથે જ એક કનેક્શન અનુભવો છો. આવું ગજબનું કનેક્શન આ પહેલાં અનુભવાયુ ન થી. સમયની સાથે આ લગાવ વધુ ઉંડો થઈ રહ્યો છે. આપને તે અહેસાસ થવા લાગે છે કે, કોઈ છે જેને આપ સૌથી વધુ પ્રેમ રકો છો. આપનો નજિકનો વ્યક્તિ આપને દરેક લેવલે સમજે છે. અને જે આફને શાંતિ, સકુન અને આપને ચારેય તરફ ખુશીઓ વીખેરે છે.' જોકે, મલાઈકાએ તેની પોસ્ટમાં કોઈનું નામ લખ્યુ ન હતું.

આપને જણાવી દઈએ કે મલાઈકાએક ૧૬ વર્ષનાં દીકરાની માતા છે તેનાં અને અરબાઝનાં લગ્ન ૧૯૯૮માં થયા હતાં.આ જોડીએ વર્ષ ૨૦૧૭માં છુટાછેડા લીધા તેમનાં દીકરાનું નામ અરહાન છે. હાલમાં અરબાઝ જોર્જિયા એન્ડ્રિયાનીને ડેટ કરી રહ્યો છે.

૮૧ વર્ષનાં વહિદા રહેમાને જ્યારે 'કાંટો સે ખીંચ કે યે આચલ..' પર ડાન્સ કર્યો



મુંબઈ

હિન્દી સિનેમાનાં લેજન્ડરી એક્ટ્રેસ વહિદા રહેમાન, આશા પારેખ રવિવારે રાત્રે સુપરડાન્સર-૩નાં મંચ પર પહોચ્યા હતાં. આ દરમિયાન તેમણે ફિલ્મી દુનિયાનાં ઘણાં રસપ્રદ કિસ્સા જણાવ્યાં. પણ આ શોનો માહોલ ત્યારે યાદગાર થઈ ગયો જ્યારે શિલ્પા શેટ્ટીની ગુજારિશ પર ૮૧ વર્ષનાં વહિદા રહેમાને 'ગાઈડ' ફિલ્મનું ક્લાસિકલ સોન્ગ 'કાંટો સે ખીંચ કે યે આંચલ..' પર ડાન્સ કર્યો.

શોમાં શિલ્પા શેટ્ટીએ વહિદા રહેમાનની સામે આ ખુલાસો પણ કર્યું કે, તેનાં માટે વહિદાજી ગુરૂ છે. જો તમે મને થોડું શીખવી દો તો મારું જીવન સફળ થઈ જાય. શિલ્પાની આ રિક્વેસ્ટ માનીને વહિદા રહેમાન સ્ટેજ પર પહોચ્યા. અને બાદમાં શિલ્પા શેટ્ટી અને વહિદા રહેમાને સાથે 'ગાઈડ' ફિલ્મનાં યાદગાર સોન્ગ 'કાંટો સે ખીંચ કે યે આંચલ..' પર ડાન્સ કર્યો હતો.

વહિદા રહેમાને જણાવ્યું કે, આશરે ૨૦થી ૨૫ વર્ષ બાદ તેમણે ડાન્સ કર્યો છે. મને આજે જે પ્રેમ અને સમ્માન મળ્યું છે તે ખુબ મોટી વાતછે. આપ સૌનો આભાર. શોમાં જજ તરીકે બેઠેલા અનુરાગ બસુએ કહ્યું કે, ત્રણ વર્ષોથી હું આ શોને જજ કરુ છે આઠે મે જોયો તે સૌથી શાનદાર એપિસોડ રહ્યો. હું અહીં હાજર છું તે મારી ખુશકિસ્મતી છે. શિલ્પાએ કહ્યું કે, મે જરૂર પુણ્યનું કામ કર્યું હશે નહીં તો મને આ તક મળવી સહેલી ન હતી. આપને જણાવી દઇએ કે હિન્દી સિનેમાનાં લેજન્ડરી એક્ટ્રેસ વહિદા રહેમાન અને આશા પારેખ રવિવારે રાત્રે સુપર ડાન્સર ચેપ્ટર ૩માં ગેસ્ટ જજ તરીકે આવ્યા હતાં.

એક્શન સ્ટાર વિદ્યુત જામવાલે વધુ એક થ્રીલર સાઈન કરી

મુંબઈ

કમાન્ડો ફેમ એક્શન અભિનેતા વિદ્યુત જામવાલે વધુ એક એક્શન થ્રીલર ફિલ્મ સાઈન કરી હોવાની માહિતી મળી હતી. આ ફિલ્મ સત્યઘટના પર આધારિત હોવાનો દાવો કરાઈ રહ્યો છે.

ડાયરેક્ટર ફારુખ કબીર ખુદા હાફિઝ નામે એક ફિલ્મનું પ્લાનિંગ કરી રહ્યા છે. કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક એના નિર્માતા છે. આ ફિલ્મનું શૂટિંગ મોરોક્કો અને કેરળના કેટલાંક લોકેશનોમાં કરવાની ફારુખની યોજના



છે. હીરોઈનની તલાશ ચાલુ છે.

નિર્માતાઓ દ્વારા અપાયેલી માહિતી મુજબ આ વર્ષના જુલાઈમાં આ ફિલ્મ ફ્લોર પર જશે અને આવતા વર્ષના આરંભમાં એને રજૂ કરવાની યોજના છે. આ ફિલ્મના એક્શન દ્રશ્યો માટે હોલિવૂડના એક્સપર્ટ કોરિયોગ્રાફરને તેડાવવાની પણ તેમની યોજના છે.

વિદ્યુતે કહ્યું હતું કે સત્ય ઘટના પર આધારિત લવ સ્ટોરી કરવાની મને તક મળી રહી છે તેથી હું ઉત્તેજિત થયો છું. ફિલ્મ ફ્લોર પર જાય એની વાટ જોઉં છું.



કતારગામ રોડ ખાતે ઉધયનગર સોસાયટી વિભાગ-૨ના એક મકાનમાં પરપ્રાંતીય યુવકે રત્નકલાકાર પરિવાર પર રાત્રે ખૂની હુમલો કરતા પિતા, દીકરી અને પુત્રને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. મકાનની અગાસી પર ખંજરબાજીની ઘટનાની તપાસ કરતી પોલીસ તસવીરમાં નજરે પડે છે.

કતારગામ ઉદયનગરમાં ઘરની અગાસીમાં ઉંઘતા પરિવાર પર ચપ્પુથી ખૂની હુમલો

એકતરફી પ્રેમમાં પાગલ યુવક વહેલી સવારે ત્રાટક્યો : પિતા, પુત્ર અને દિકરીને ચપ્પુના ઘા ઝીંકી દેવાયા

સુરત

કતારગામ ઉદયનગરમાં યુવાને ધાબા પર સુતેલા એક પરિવારના ત્રણ સભ્યોને ચપ્પુના ઘા મારી પતાવી દેવાની કોસીસ કરતા ભારે હોબાળો મચી ગયો હતો. મંગળવારની વહેલી સવારે બનેલી આ ઘટના બાદ ઈજાગ્રસ્તોની ચિચયાળી સાંભળી સોસાયટીના લોકો ભેગા થઈ ગયા હતા. એટલું જ નહીં પણ હુમલાખોરને ઝડપી પાડી જાહેરમાં ફતકાર્યો હતો. ઘટનાની જાણ બાદ પોલીસ દોડી આવતા લોકોએ હુમલાખોરને પોલીસને સોંપી કડક કાર્યવાહીની માંગ કરી હતી. એક તરફી પ્રેમમાં પાગલ યુવાને પ્રેમિકા બીજા યુવાનના પ્રેમમાં હોવાની શકા ને લઈ હુમલો કર્યો હોવાની વાત બહાર આવી રહી છે. હાલ હુમલાખોર સહિત આખુ પરિવાર સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્ત હરિખચંદ્ર રત્નકલાકાર તરીકે કામ કરે છે. પુત્ર શિવમે હાલમાં જ ધોરણ-૧૨ની પરીક્ષા આપી છે. જયારે દીકરી વંદના કોલેજમાં અભ્યાસ કરતી હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી બાજુ હુમલાખોર શખ્સ સતિષ પણ મૂળ યુપીનો રહેવાસી છે અને થોડા સમય પહેલા જ વતનની પરત ફર્યો હતો. રત્નકલાકાર તરીકે કામ કરતા સતિષને વંદના જોડે પ્રેમ થઈ ગયો હોવાની ચર્ચા ચાલી રહી છે. અને વંદના બીજાના પ્રેમમાં હોવાની શંકાને લઈ હુમલો કરાયો હોવાનું પ્રાથમિક બહાર આવ્યું છે.

શિવમ હરિષચંદ્ર યાદવ (ઉ.વ ૨૦) ને ગળાના ભાગે, વંદના હરિષચંદ્ર યાદવ (ઉ.વ.૨૩) ને પેટના ભાગે અને હરિષચંદ્ર રામકુમાર યાદવ ૪૫ ને છાતી, પેટ અને પીઠ પર ઘા મરાયા હોવાનું જાણવા મળ્યું છે.ત્રણેને સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરી સારવાર અપાઈ રહી છે.

હુમલો કરનાર સતીષને સ્થાનિક લોકોએ ઝડપી પાડી તેને માર મરાયો હોવાથી ઈજાગ્રસ્ત થયો છે. હુમલાખોર યુવાન અને ઈજાગ્રસ્ત પરિવારના ત્રણે સભ્યો સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કતારગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારીની પરિણીતાનું લગ્નજીવન બચાવી લેતી ૧૮૧ મહિલા હેલ્પલાઈન

પત્ની બનવાના ઈરાદે પરણેલા પુરુષ ઘરમાં યુવતીને તેના માતા-પિતાને સોંપી દેવાઈ

નવસારી

નવસારી નજીકના ગામમાંથી ઉષા નામની પરિણાતાનો અભયમાં કોલ આવ્યો હતો કે તેઓના પતિ એક છોકરી ને ઘરમાં લઈ આવ્યા છે પોતાને ૨ બાળકો છે તેનું લગ્ન જીવન તુટી રહયું છે. તેમાં મદદ કરવા વિનંતી કરી હતી કોલ મળતાં રેસ્યકયુ વાન સ્થળે પહોંચી મહિલા તથા તેના પતિ અને ઘરમાં આવેલ ૧૮ વર્ષની યુવતીને ખૂબ જ સમજાવટને અંતે આવેલ યુવતીના માતા-પિતાને બોલાવી તેની સોંપણી કરી હતી.

બનાવની વિગત એવી છે કે ૨ બાળકોના પિતા એવા ૩૨ વર્ષનો વ્યકિત ૧૮ વર્ષની યુવતીના પરિચયમાં આવી હતી. તેને પત્ની બનાવવાના ઈરાદાથી ઘરમાં રાખી હતી. ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમના કૃપાલી પટેલ તેમજ દર્શનાબેન સમજ આપી હતી કે હિન્દુ લગ્ન કાયદા હેઠળ એક પત્ની હયાત હોય તો બીજી પત્ની કરી શકાય નહિ તે ગુનો બને છે. આ ઉપરાંત તેને ૨ બાળકો પત્નીની જવાબદારી છે.પતિએ જણાવેલ કે બંનેને હું સાથે રાખીશ અને કોઈને હેરાન નહી કરુ. પરંતુ ટીમ તેને સમજ આપી કે તેનું આ કૃત્યને સામાજિક કે કાયદાકીય કોઇ અનુમોદન મળતું નથી. આ ઉપરાંત આવેલી યુવતીને પણ ખૂબ જ સમજ આપી હતી કે તારી ઉંમર ઘણી ઓછી છે તને તારા લાયક યુવાન મળી રહેશે શા માટે બીજાનું સુખી જીવન બરબાદ કરે છે અને લાંબેગાળે તને નુકશાન થશે અને કાયદાકીય પણ ગુનો બને છે. આમ અસરકારક રીતે સમજાવતાં બંને એ પોતાની થયેલ ભૂલ બદલ માફી માંગી હતી. અને હવે પછી કોઈ સંબંધ રાખશે નહિ તેની ખાત્રી આપી હતી. આમ પરિણાતાનું લગ્નજીવન તૂટતા ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમના સમજાવટથી બચી ગયું હતું.

બીએસએનએલના ઉપક્રમે કન્ઝયુમર એજ્યુકેશન વર્કશોપ

નવસારી

બીએસએનએલ ટેલિકોમ ડિસ્ટ્રીકટ ધ્વારા કન્ઝયુમર એજયુકેશન વકશોપ તા.૨૫/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ડીજીએમ ઓફિસ, નવી ટેલિફોન એક્ષચેન્જ બિલ્ડીંગ, માણેકલાલ રોડ, પોસ્ટ ઓફિસની બાજુમાં યોજાશે. આ વર્કશોપમાં ગ્રાહકોને બીએસએનએલ ને લગતી કાર્ય પ્રણાલી, પ્રશ્નો તથા ફરિયાદના નિવારણ સબંધીનું પ્રશિક્ષણ આપવામાં આવશે. બીએસએનએલ મોબાઈલ એપ્લિકેશન તથા પોર્ટલનો ઉપયોગ કરી ગ્રાહકો ઓનલાઈન પ્રશ્નો/ફરિયાદ નોંધાવી શકે છે. ગ્રાહકોને બીએસએનએલ લેન્ડલાઈન, બ્રોડબેન્ડ, એફટીટીએચ, મોબાઈલ વગેરેના નવા પ્લાન તથા ટેરીફ સબંધી માહિતી આપવામાં આવશે.

યુવતીની અંગત પળોની તસ્વીરો જીજાજીને વોટ્સએપ પર મળ્યા

સાઈબર ક્રાઈમ એક્ટ હેઠળ પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી

સુરત

લીંબાયત વિસ્તારમાં રહેતી એક યુવતીની અંગત પળોના ફોટાઓ તેના જીજાજીને વોટ્સએપ પર મોકલી આપનાર રમેશ વર્મા નામના આરોપી સામે આઈટી એક્ટ મુજબનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયત સુમન શ્રુતિ એપાર્ટમેન્ટમાં એક ૨૩ વર્ષની યુવતી રહે છે. લીંબાયત ગોડાદરા ઋષિનગર મહારાણા ચોક ખાતે રહેતા રમેશ ડમર મહંતોએ ૧૯મી ફેબ્રુઆરીથી આજદિન સુધીમાં યુવતીની અંગત પળોના ફોટા યુવતીના જજાના વોટ્સએપ નંબર પર મોકલી આપ્યા હતા. અંગત પળોના ફોટાઓ આરોપી રમેશે ફેસબુક પર ફેક એકાઉન્ટ બનાવી અપલોડ કર્યા હતા. યુવતીએ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈટી એક્ટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વરિયાવની પરિણીતા આઠ વર્ષના દીકરા સાથે લાપતા

કપડા લેવા નીકળેલી મહિલા ઘરે પરત ફરી ન હતી

સુરત

જહાંગીરપુરા પોલિસના જણાવ્યાં અનુસાર તા.૧૨/૦૪/૨૦૧૯ ના રોજ ૧૦૦૦/ રેશમડી ફળિયું બસ સ્ટેની સામે, વરીયાવ ખાતે રહેતા ઈમરાનભાઈ અશરફ મધ્યની ૨૮ વર્ષીય પત્ની શાબેરાબેન તેમના ૮ વર્ષીય પુત્ર મોહમદ ઈમરાનને સાથે લઈને ઘેરથી 'કપડા લેવા જાઉં છું' એમ કહી ક્યાંક ચાલ્યા ગયા છે. શાબેરાબેન શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણના છે. તેમણે શરીરે કાળા કલરનો બુરખો અને અંદર જાંબલી રંગનો પંજાબી ડ્રેસ પહેરેલ છે, જયારે પુત્ર મોહમદ શરીરે પાતળા બાંધાનો, રંગે ઘઉં વર્ણનો છે. તેણે બ્લુ ટી શર્ટ અને બ્લેક જીન્સ પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ડીંડોલીમાં શ્રમજીવી પરિવારની સગીર દિકરી પર બળાત્કાર

યુપીના વતની જમીન દલાલ આરોપીની ધરપકડ

સુરત

ડીંડોલી વિસ્તારમાં રહેતી એક શ્રમજીવી પરિવારની સગીર પુત્રી સાથે બળાત્કાર કરનારા ઉત્તર પ્રદેશના વતની અને જમીન દલાલ યુવકની પોલીસે ધરપકડ કરી લીધી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લાના વતની અને હાલમાં ડીંડોલી શ્રી રેસીડેન્સી ખાતે રહેતાં ૨૮ વર્ષના આદેશ જયદયાલ પાંડે પોતે જમીન દલાલ છે. તેમણે ગત દિવસોમાં ડીંડોલી વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરિવારની સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારી ફરાર થઈ ગયો હતો. ડીંડોલી પોલીસે સગીરાની ફરિયાદ નોંધી તેણીનું મેડીકલ પરીક્ષણ સિવિલ હોસ્પિટલમાં કરાવ્યું હતું.

પોલીસે આરોપી આદેશ જયદયાલ પાંડેની ગતમોડી રાત્રે ધરપકડ કરી હતી. આજે સવારે તેને સિવિલ હોસ્પિટલમાં મોકલી આપતા ડોક્ટરોએ તેનું મેડીકલ પરીક્ષણ કર્યું હતું.

વાપીમાંથી સુરત ઉર્ફે સોનુ માળી ગુમ થયા

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી ખાતે પુજા એપાર્ટમેન્ટ, હરી ફળિયામાં રહેતા સૂરત ઉર્ફે સોનુ શિતલાપ્રસાદ માળી, કે જે મૂળ સદોવપુર, તા.જ્ઞાનપુર, જિ.ભદોહિ, ઉ.પ્ર.ના રહેવાલી છે તે તા.૨૨/૩/૧૯ના રોજ સવારે ૮-૦૦ વાગ્યાની આસપાસ ગેરેજ જવાનું કહી કયાંક ચાલી જઈ ગુમ થયા છે. ગુમ થનારની ઉંમર ૨૨ વર્ષ, ઊંચાઈ સાડાપાંચ ફૂટ, રંગે ઘઉંવર્ણ, શરીરે મધ્યમ બાંધો છે. જે હિન્દી ભાષા જાણે છે. આ વર્ણનવાળી વ્યક્તિની જો કોઈને ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઉમરગામમાં રહેતી યુવતી આરીયા લાપતા

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના જી.આઈ.ડી.સી-ઓમ સાંઇ એપાર્ટમેન્ટમાં રહેતી યુવતી ગુમ થઈ છે. ગુમ થનારી આરીયા સુનીલભાઈ નાયર, તા.૦૭-૦૪-૨૦૧૯ના રોજ પોતાના ઘરેથી મિત્રના ઘરે જવા નીકળ્યા બાદ આજ દિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉ.વ.-૧૯, મધ્યમ બાંધો, રંગે શ્યામ, મોઢું ગોળ, ઉંચાઇ આશરે ૫.૫ ફુટ, નારંગી કલરનો પંજાબી ડ્રેસ પેહેર્યો છે. યુવતી હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, મલયાલમ, મરાઠી ભાષા જાણે છે. આ વર્ણનવાળા વ્યકિતની જો કોઇને ભાળ મળે તો ઉમરગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાંધવા જણાવાયું છે.

રાજપીપળા નગરપાલિકા માજી પ્રમુખના નિવાસસ્થાને ચૈત્ર માસ નિમિત્તે ચંડી પાઠ યોજાયો



રાજપીપળા : રાજપીપળા નગર પાલિકાના માજી પ્રમુખ અને વર્તમાન કારોબારી ચેરમેન અલ્કેસસિંહ ગોહિલના રજપૂત ફળિયાના નિવાસસ્થાને કુળદેવીમા હરસિધ્ધિની કૃપાથી પવિત્ર ચૈત્ર માસમાં ચૈત્ર સુદ-૧૨ ને મંગળવાર ના રોજ મા જગદંબાની ઉપાસના નિમિત્તે ચંડીપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના વડીલો આગેવાનો અને પાલિકા કર્મચારીઓ સહીત મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્તિથ રહ્યા હતા આ ચંડીપાઠ માં ૨૧ બ્રામ્હણો દ્વારા ૧૦૦ ચંડીપાઠ કરાવવામાં આવ્યા હતા. એ રીતે જપાત્મક શતચંડીનું આયોજન કરવામાં આવ્યું હતું.

લૂંટના આરોપીઓને ગણતરીના કલાકોમાં સુરતથી ઝડપી પાડતી દહેજ પોલીસ

રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક, ભરૂચ તરફથીજીલ્લામાં બનેલ મિલકત /શરીર સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક ડી.પી. વાઘેલા ભરૂચનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ જે.એન.ઝાલા પોલીસ ઈન્સ્પેકટર દહેજ પો.સ્ટે.નાઓના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. આર.એસ. રાજપુતનાઓને મળેલ માહિતી આધારે સુરત મુકામેથી બે આરોપીઓને લુંટમાં ગયેલ મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.



આરોપીઓના નામ

(૧) કરણકુમાર બુધ્ધદેવ પ્રસાદ રાય ઉ.વ.૨૦ (૨) બીકકુમાર ઉમેદ રાય ઉ.વ-૨૨ બન્ને રહે, હાલ રોયલ રેસીડેન્સી, બિલ્ડીગ નંબર-૨૨ રૂમ નંબર-૧૦૧ વડદલા તા.વાગરા જી.ભરૂચ મુળ રહે, લબાપુર નારાયણ વોર્ડ નંબર-૧૦, થાના-મહનાર, જી.વૈશાલી (બિહાર)

રીકવર મુદ્દામાલ (૧) યુનિકોન કંપનીની મોટર સાયકલ નં-જીજે-૧૬-સીજી,૧૪૫૬ કિ, રૂ.૨૫,૦૦૦/- (૨) ઓપો કંપનીનો મોબાઈલ કિ.રૂ. ૧૦,૦૦૦/- (૩) સેમસંગ કંપનીનો નાનો મોબાઈલ કિ,રૂ. ૫૦૦/- (૪) ફરીયાદીનું પર્સ તથા રોકડા રૂ. ૧,૯૦૦/- તથા એક્ષીસ બેંક, ફેડરલ બેન્ક તથા યુનિયન બેન્કના ત્રણ એટીએમ કાર્ડ મળી કૂલ કર. ૩૬,૯૦૦/- નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે.

ગુનાની વિગત

(૧) દહેજ પો.સ્ટે. ગુ.ર,નં-I ૨૮/૨૦૧૯ ૩૯૨, ૩૯૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા કલમ ૧૩૫ મુજબ

સરકીટ હાઉસમાં પડાવ નાંખનાર નકલી પોલીસ અધિકારી સંદીપ વ્યાસની ધરપકડ

એસીપીની ઓળખ આપનાર ઠગનો ભાંડો ફુટતા પોલીસે ગુનો દાખલ કર્યો

સુરત

સુરત સરકીટ હાઉસ ખાતે ગાંધીનગર ખાતે એસીપી છું તેમ જણાવી એકાદ બે કલાક માટે સરકીટ હાઉસનો રૂમ લીધા બાદ સવારે એન્ટ્રી કરવાનું કહેતા સમગ્ર મામલાનો ભાંડો ફુટ્યો હતો. જોકે, ઉમરા પોલીસે ખોટી ઓળખ આપનારા અમદાવાદના ભૂદેવની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ સેટેલાઈટ આનંદનગર ક્રોસ રોડ ખાતે સંદીપકુમાર શાંતુભાઈ વ્યાસ રહે છે. તેઓ ગતરોજ મોડી રાત્રે સુરત સરકીટ હાઉસ ખાતે આવી હું ગાંધીનગર ખાતે એસીપી તરીકે ફરજ બજાવું છું. તેમ કહીને એકાદ બે કલાક માટે સરકીટ હાઉસનો રૂમ લીધો હતો અને પુરાવાના ભાગરૂપે પોતાનું ડ્રાઈવિંગ લાયસન્સ રજૂ કરતા તેમને રૂમ ફાળવવામાં આવ્યો હતો. વહેલી સવારે તપાસના કામે વલસાડ જવાનું છે તેમ જણાવી રૂમ છોડતા હતા. ત્યારે સરકીટ હાઉસના કર્મચારી ઠાકોરભાઈ મગનભાઈ પટેલે તેમને ચોપડામાં એન્ટ્રી કરવાનું કહેતા સમગ્ર મામલાનો ભાંડો ફુટ્યો હતો. ઠાકોરભાઈએ ઉમરા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે આરોપી સંદીપ શાંતુભાઈ વ્યાસની આઈપીસી ૧૭૦ મુજબ ધરપકડ કરી લીધી હતી.



ભરૂચ અંકલેશ્વરની જીઆઈડીસી વિસ્તાર માં કનોરિયા ચોકડી પાસે પિસ્તોલ અને ૬ કારતુસ સાથે બે આરોપી વડોદરા આર આર સેલ ના હાથે બે ઈસમો ઝડપીયા હતા, પોલીસે પલ્સર મોટરસાયકલ સહિત ૭૭ હજાર નો મુદ્દામાલ કબ્જે કરી મૂળ યુપી ના બિરેન્દર સિંગ અને પંજાબ ના રાજસિંગ ગુરુ નામના ઈસમની ધરપકડ કરી આગળની હાથધરી હતી.

છોટાઉદેપુર લોકસભામાં ભારતીય ટ્રાઇબલ પાર્ટીના ઉમેદવારે પોતાના એફબી પર મુકેલી પોસ્ટથી લોકસભાનું વાતાવરણ ગરમાયુ...?





શુ ભાજપ અને કોંગ્રેસ પાર્ટી મરાથી ડરે છે ? બી.ટી.પી.ના આ ઉમેદવારે લગાવ્યા આક્ષેપ

રાજપીપળા: હાલ લોકસભા ચૂંટણી નજીક આવી ગઈ છે પ્રથમ તબક્કાનું મતદાન દેશના વિવિધ ક્ષેત્રોમાં થઈ ચૂક્યું છે, ત્યારે ગુજરાતનું વાતાવરણ પણ ચૂંટણીના રંગ માં રંગાયુ છે નેતાઓ ના ભાષણ, આક્ષેપો, પ્રતિઆક્ષેપો, પ્રચાર દ્વારા નેતાઓ પ્રજા સુધી પોહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે નર્મદા જિલ્લાની વાત કરીએતો નર્મદા જિલ્લો એ બે લોકસભામાં સમાયેલ છે જેમાં નાંદોદ વિધાનસભા ક્ષેત્ર છોટાઉદેપુર લોકસભામાં અને ડેડીયાપાડા વિધાનસભા ક્ષેત્ર ભરૂચ લોકસભામાં સમાવેશ થાય છે.

ચૂંટણીમાં કોંગ્રેસ એ બી.ટી.પી.નું ગઠબંધન ન થતાં બી.ટી.પી દ્વારા પોતાના ઉમેદવારો ચૂંટણી ના મેદાને ઉતાર્યા છે ત્યારે છોટાઉદેપુર લોકસભામાં ભારતીય ટ્રાઇબલ પાર્ટીના ઉમેદવાર રાજેશ વસાવાએ પોતાના ફેસબુક એકાઉન્ટ ઉપર ૧૪ મી એપ્રિલ ને બપોરે ૧૨:૦૩ વાગ્યે એક પોસ્ટ મૂકી છે જેમાં આક્ષેપ કર્યો છે કે ભાજપ અને કોંગ્રેસ મારાથી ડરે છે×અને વધુમાં લખ્યું છે કે ... ફરી બીજી વાર ખાનગી ચેનલની લાઈવ ડિબેટમાં ચેનલ દ્વારા બી.ટી.પી.ના ઉમેદવારને આમંત્રણ આપવામાં આવતું નથી... અને ભાજપ કોંગ્રેસે ચેનલોને ખરીદી લીધી છે જેથી મજબૂત ઉમેદવારને સાઈડ કરાઈ રહ્યો છે

શુ ભાજપ કોંગ્રેસ ને છોટાઉદેપુર સીટ ઉપર હાર નો ભય સતાવી રહ્યો છે..?? ઉપરાંત ડિબેટ કરનાર ચેનલ ઉપર પણ સવાલો ઉભા કર્યા છે...

આ આક્ષેપો કેટલા સાચા છે એ તો અપણે નથી કહી શકતા પરંતુ આ પોસ્ટ થી છોટાઉદેપુર લોકસભાનું વાતાવરણ ચોક્કસ થી ગરમાયુ છે....!!

આપને જણાવી દઈએ કે છોટાઉદેપુર બેઠક ઉપર ભાજપમાંથી ગીતાબેન રાઠવા કોંગ્રેસ માંથી રણજિતસિંહ રાઠવા મેદાને છે ત્યારે આવનારી ૨૩ મી મે ના દિવસેજ ખબર પડશે કે પરિણામ કોના તરફી આવે છે, કોણ દમદાર ઉમેદવાર છે અને પ્રજા વિજય નો કળશ કોને પહેરાવશે...?

ઉદ્યોગપતિઓના દેવા માફ કરનારા મોદીને આદિવાસીઓના દેવા માફ કરતા પેટના દુઃખે છે : એહમદ પટેલ

ડેડીયાપાડામાં એહમદ પટેલ અને નવજ્યોતસિંગ સિદ્ધુના મોદી પર ગંભીર આક્ષેપ



રાજપીપળા : ગુજરાતમાં આગામી ૨૩મી એપ્રિલે લોકસભા ચૂંટણી યોજાવાની છે.ભરૂચ લોકસભા બેઠકના ડેડીયાપાડામાં કોંગ્રેસ દ્વારા વિજય વિશ્વાસ સંમેલન યોજાયું હતું.જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ખજાનચી એહમદ પટેલ,પંજાબ સરકારના કેબિનેટ મંત્રી નવજ્યોતસિંગ સિદ્ધુ,ભરૂચ લોકસભા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર શેરખાન પઠાણ,ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહપ્રભારી ડૉ.મોહંતી,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશ વસાવા,નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવા,ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલ સિંહ રાણા, પ્રવક્તા નાઝુ ફડવાલા,વટારીયા સુગર ચેરમેન સંદીપસિંહ માંગરોલા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડેડીયાપાડા ખાતે સંમેલનમાં ઉપસ્થિત જંગી જનમેદનીને સંબોધતા એહમદ પટેલે જણાવ્યું હતું કે ઉદ્યોગપતિઓના દેવા માફ કરનારા મોદીને આદિવાસીઓના દેવા માફ કરતા પેટના દુઃખે છે.મોદી ગુજરાત મોડેલના નામેં પીએમ બન્યા પણ હાલમાં ગુજરાત મોડેલ ભુલાઈ ગયું છે અત્યારે ફક્ત ઉદ્યોગપતિઓનું રાજ ચાલે છે.આ ચૂંટણી કોંગ્રેસ-ભાજપ વચ્ચે નહિ પ્રજા-ભાજપ વચ્ચેની છે,મોદી સરકાર સામે મહિલાઓ, આદિવાસીઓ, મજૂરો, વ્યાપારીઓએ યુદ્ધ છેડ્યું છે, પરિણામ ભોગવવું પડશે. ભારત સરકારની કુલ બજેટના ૬૦% રૂપિયા મોદીની પ્રસિદ્ધિ પાછળ ખર્ચાય છે.થોડા પુંજીપતિઓ માટે ૧૫ લાખ આદિવાસીઓને ઘર વિહોણા કરી આદિવાસીઓ પર પડેલા ઘા પર મોદીએ મરચું ા્યું છે.અત્યારે ૪૦% સ્કૂલોમાં વીજળી નથી શિક્ષકો નથી,આરોગ્ય ક્ષેત્રમાં દેશ પાછળ ધકેલાયો છે.ભારતનું દેવું ૨૦૧૪માં ૫૦ લાખ કરોડ હતું જે વધીને ૨૦૧૯માં ૮૨ લાખ કરોડ થયું,એ ફક્ત મોદીની પ્રસિદ્ધિને કારણે થયું છે.વસ્તીના આધારે ફળવાતા નાણા અન્ય જગ્યાએ ડાયવર્ટ કરવામાં આવે છે.ભાજપનો લોકસભાનો મેનિફેસટો જૂઠ્ઠાણાનો ગુબ્બારો છે.

જ્યારે પંજાબ સરકારના કેબિનેટ મંત્રી નવજ્યોત સિંગ સિદ્ધુએ જણાવ્યું હતું કે મોદીને સાચું બોલાવવું એ મચ્છરને કપડા પહેરાવવા અને હાથીએ ખોળામા રમાડવા સમાન છે.૨૦૧૪માં ગંગા પુત્ર બનીને આવેલા મોદી ૨૦૧૯માં રાફેલના દલાલ બનીને ઘરે જશે.મોદી મારી સાથે જાહેરમાં ચર્ચા કરે જો હું હાર્યો તો જળ સમાધિ લઈ લઈશ.પેહલા દેશમાં આતંકી હુમલા થતા હતા ત્યારે રાજીનામુ અપાતું હતું તો અત્યારે જવાનોની શહીદીના નામે મત મંગાય છે.કોંગ્રેસને ભાજપ નહિ પણ કોંગ્રેસને કોંગ્રેસ જ હરાવે છે.મોદી એના વાયદાઓથી ફરી ગયા,આઝાદી પેહલા ગોરા અંગ્રેજો દેશમાં ભાગલા પડાવતા હતા અત્યારે મોદીએ જાતિવાદના નામે લોકોમાં ભાગલા પડાવ્યા છે.નરેન્દ્ર મોદીએ ચૂંટણીની આડમાં CBI ને રમકડું બનાવી દીધું છે.જે પોતાના ગુરુ અડવાણીના નથી થતા એ ભારત દેશના શુ થવાના.

રાજપીપળાના તરણકુંડમાં ક્લોરીનનું પ્રમાણ વધતા ૧૪ જેવા બાળકોને અસર થતા હોસ્પિટલમાં ખસેડાયા



રાજપીપળા : નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે આવેલ એક માત્ર તરણકુંડ કે જે રાજપીપળાની છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ના પરિસર માં આવેલ છે. જેનું સંચાલન ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ દ્વારા કરવામાં આવી રહ્યું છે ત્યારે હાલ વેકવશન પિરિયડ અને ઉનાળાની ગરમીથી બચવા પણ લોકો મોટી સંખ્યામાં તરણકુંડ ખાતે તરવાનું શીખવા કે તરવા આવે છે. અને સામાય ફી લઈને આ સંસ્થા સેવા કરે છે.પરંતુ વર્ષોથી ચાલતા આ તરણકુંડ માં આજે એક ઘટના બનવા પામી જેમાં આજે બપોરે તરણકુંડમાં નાહતા ૧૪ જેટલા બાળકો ને અચાનક તકલીફ થઈ અને શ્વાસ લેમાં તકલીફ પડી ત્યારે તમામ બાળકોને નજીકની વિજય પ્રસુતિ ગૃહ અને આત્મીય હોસ્પિટલ માં સારવાર માટે લઈ જવામાં આવ્યા. જોકે નોર્મલ તકલીફ થઈ હોય થોડી વાર સારવાર આપી બાળકો સ્વસ્થ થયા હતા . ત્યારે પ્રાથમિક તારણમાં એમ જાણવા મળ્યુછે કે ક્લોરીનેશકનની માત્રા માં થોડું પ્રમાણ વધુ થયું હોય તો આમ થઈ શકે જે ખતરા રૂપ નથી પણ કાળજી જરૂરી છે.

સારવાર આપી રહેલા. ઈ.એન.ટી .ડૉ.દિપક પટેલે જણાવ્યુંકે આ કોઈ ગંભીર બાબત નથી પરંતુ નાક , મોઢામાં ક્લોરીન ગેસ ભરાતા બાળકોને થોડી તકલીફ થઈ પ્રાથમિક સારવાર આપી તમામ ને રજા આપી છે . આ બાબતે મુખ્ય કોચ પ્રો.ડો.ઈન્દ્રવદન જડીએ જણાવ્યું હતું કે હાલ જે ઘટના બની સાવ નોર્મલ છે કેમકે ત્યાર પછી બે બેચ ચાલુ હતી જેમાં કેટલાય બાળકો નાહ્યા પણ એવી અસર થઈ નથી અને તરણકુંડ ચાલુજ છે.કદાચ નાહ્યા બાદ મૌસમ ની અસર પણ થઈ શકે પણ મેં જાતે તપાસ કરી કોઈ તકલીફ નથી બધા બાળકો સ્વસ્થ છે. તેમના વાલીઓ પણ જાણે છે કે આ તરણકુંડ એક દમ સેફ છે.

ઉધનામાં ટેન્કરમાંથી ૨૫૦ પેટી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

સુરત

ઉધના વિસ્તારમાં સ્ટેટ વિજિલન્સની ટીમે લોકસભા ઈલેક્શન પહેલાં મોટા પ્રમાણમાં દારૂ ઝડપી પાડ્યો હતો. જેમાં ૨૫૦થી વધુ દારૂની પેટીઓ મળી આવી હતી. અને બે આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે. ચૂંટણી દરમ્યાન દારૂનો ઉપયોગ થવાનો હોવાની શક્યતા છે.

લોકસભા ઈલેક્શન પહેલાં સુરતના ઉધના વિસ્તારમાંથી સ્ટેટ વિજિલન્સની ટીમે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસથી બચવા માટે પેટ્રોલના ટેન્કરમાં દારૂ ભરી લાવવામાં આવ્યો હતો. પેટ્રોલ ટેન્કરમાંથી ૨૫૦થી વધુ દારૂની પેટીઓ મળી આવી હતી. દરમિયાન સ્થાનિક અને શહેરની પોલીસ ઉંધતી ઝડપાઈ હતી. અને સ્ટેટ વિજિલન્સની ટીમે રેડ દ્વારા ૧૭ લાખના દારૂ અને ટેન્કરને કબ્જે કરી બે આરોપીની ધરપકડ કરી હતી

સ્ટેટ વિજીલન્સ પીએસઆઈ એ.વાય. બલોચના જણાવ્યા અનુસાર ટેન્કર નં.જીજે-૬-એટી-૯૦૯૩માં વિદેશી દારૂની હેરાફેરી થવાની બાતમી મળી હતી. ભારતીય બનાવટની એપીસોડ ક્લાસીક વ્હીસ્કીની ૪૨૬૭ નંગ બાટલી કિંમત ૧૭.૦૬ લાખ અને ટેન્કર કિમત ૧૨ લાખ મળી ૨૯.૧૨ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે. ઉધના રોડ નંબર ૬ પાવર સબ સ્ટેશન પાસે સંજયનગર ખાતે રાજમોહંમદ ઉર્ફે રાજુ પ્લાસ્ટિક સૈયદ તથા મહંમદ રીયાઝ મહંમદ રફીક શેખની ધરપકડ કરવામાં આવી છે. દારૂનો જથ્થો મંગાવનાર સફીકુદ્દીન ઉર્ફે લાલા તારીકુદ્દીન ફારૂકી, લાલાનો ભાઈ સોહેલ અને સરીફ ત્રણે રહે. ઉધના રોડ નં.૬ સુરતને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. દારૂનો આ જથ્થો લોકસભા ચૂંટણી દરમ્યાન ઉપયોગમાં લેવાનો હોવાની સ્ટેટ વિજીલન્સ ટીમને આશંકા છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

અંકલેશ્વર જીઆઈડીસીની મધ્યમાં ફક્ત ટ્રાન્સપોર્ટ માટેના ગોડાઉન ખાલી છે
૧.નાના ગોડાઉન નંગ ૩
ભાડું રૂપિયા ૧૦૦૦૦/-એડવાન્સ અને ડિપોઝીટ રૂપિયા ૨૫૦૦૦/- પર ગોડાઉન દીઠ.
૨.મોટા ગોડાઉન નંગ ૨
ભાડું રૂપિયા ૧૫૦૦૦/-એડવાન્સ અને ડિપોઝિટ રૂપિયા ૪૦૦૦૦/- દર ગોડાઉન દીઠ.
૩.સળંગ મોટું ગોડાઉન
ભાડું રૂપિયા ૩૦૦૦૦/- એડવાન્સ અને ડિપોઝીટ રૂપિયા ૮૦૦૦૦/- માત્ર એકગોડાઉન.
એડ્રેસ પ્લોટ નંબર ૪૩૨ એશિયન પેઇન્ટ ચોકડીથી વિજય ટ્રાન્સપોર્ટ જતા પહેલાજ.
મો .૯૯૭૮૪૦૬૯૨૩

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847